પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૭૩ • કુલ પાના : ૪ • તારીખ : ૧૪-૦૭-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


# શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે અડધી રાતે પત્ની અને એક અંગરક્ષક સાથે દેશ છોડી ભાગ્યા

## રાષ્ટ્રપતિ દેશ છોડી માલદિવ્સ ભાગી જતા હોબાળો થયો, રોષે ભરાયેલા લોકોએ ઠેર-ઠેર ઉગ્ર પ્રદર્શન કર્યા,પીએમ હાઉસ પર કબજો, કટોકટી લાગુ

કોલંબો,

શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષે દેશ છોડીને ભાગી ગયા છે. રિપોર્ટ અનુસાર તે બુધવારે સવારે શ્રીલંકાથી નીકળીને માલદીવ જતા રહ્યા. રાજપક્ષે પહેલા જ કોલંબોમાં તેમના સત્તાવાર નિવાસસ્થાનથી નીકળી ગયા હતા. જ્યાં બાદમાં વિરોધીઓ પહોંચ્યા અને હોબાળો મચાવ્યો. રાષ્ટ્રપતિ, તેમના પત્ની અને એક અંગરક્ષક સાથે એન્ટોનોવ ૩૨ લશ્કરી વિમાનમાં શ્રીલંકાથી મુખ્ય આંતરરાષ્ટ્રીય વિમાનમથકથી રવાના થયા. માલે એરપોર્ટના અધિકારીએ જણાવ્યુ કે માલદીવ પહોંચ્યા બાદ રાષ્ટ્રપતિને પોલીસ સુરક્ષા હેઠળ અજ્ઞાત સ્થળે લઈ જવામાં આવ્યા હતા. આ પહેલા કોલંબો એરપોર્ટ પર રાષ્ટ્રપતિનો એક વીડિયો સામે આવ્યો હતો જેમાં એરપોર્ટ સ્ટાફ તેમની સાથે ખરાબ વર્તન કરી રહ્યો છે. રાષ્ટ્રપતિ દુબઈ જવા ઈચ્છતા હતા પરંતુ સ્ટાફે તેમને વીઆઈપી સેવા આપવાનો ઈંકાર કરી દીધો અને કહ્યુ કે તમામ મુસાફરોએ પબ્લિક કાઉન્ટર પરથી જવુ પડશે. જ્યાં સામાન્ય લોકોએ તેમનો વિરોધ કર્યો, જેના કારણે તેઓ તેમની ફલાઈટ ચૂકી ગયા અને તેઓ યુએઈ જઈ શક્યા નહીં.



આર્થિક સંકટ વચ્ચે શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટબાયા રાજપક્ષે દેશ છોડીને માલદિવ્સ ભાગી ગયા છે. આ સમાચાર સામે આવતા જ દેશના લોકો રોષે ભરાયા છે. રાજધાની કોલંબોમાં અત્યારે લોકો માર્ગ પર ઉતરી આવ્યા છે અને ભારે હોબાળો કરી રહ્યા છે. અત્યારે હજારો લોકો સંસદ ભવન તરફ અગ્રેસર થઈ ગયા છે. આની સાથે વડાપ્રધાન નિવાસસ્થાનને પણ લોકોએ ઘેરી લીધું છે. તેવામાં લોકોના ઉગ્ર વિરોધ પ્રદર્શનને જોતા ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે. અનેક જગ્યાએ વિરોધ પ્રદર્શન કરતા લોકો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયા હતાં બીજી બાજુ સેનાએ પોતાના લોકો સામે કોઈ પગલાં ભરવાની વાત સામે આવતા તેમણે પોતાના હથિયાર નીચે મૂકી દીધા છે. આ ઉગ્ર વિરોધ પ્રદર્શનમાં ૧૨ લોકો ઈજાગ્રસ્ત થયા છે. પોલીસે ટીયરગેસના સેલ છોડયા હતાં અને કેટલાક પ્રદર્શનકારીઓની ધરપકડ કરી છે. શ્રીલંકામાં કટોકટીની સ્થિતિ લાદવામાં આવી છે લગભગ ૧૫થી વધુ ટીયરગેસના સેલ છોડવામાં આવ્યા હતાં આ ઉપરાંત ગોળીબાર થયાના અહેવાલો છે. વોટર કેનનો પ્રયોગ કરવામાં આવ્યો હતો.પ્રદર્શનકારીઓએ પોલીસ અને ફોર્સ સામે પાણીની બોટલો,પથ્થરમારો અને ચંપલો ફેંકવામાં આવ્યા હતાં. નારાજ લોકોએ આજે સંસદ ભવન અને પીએમ હાઉસને ઘેરી લીધું છે. આર્થિક સંકટ વચ્ચે ગુસ્સે ભરાયેલા લોકોએ ભૂતકાળમાં રાષ્ટ્રપતિ ભવન પર કબજો જમાવ્યો હતો અને પીએમના ખાનગી આવાસને આગ લગાવી દીધી હતી. મોટી સંખ્યામાં વિરોધીઓ રસ્તા પર ઉતરી આવ્યા છે. ઉશ્કેરાયેલી ભીડને કાબૂમાં લેવા માટે ટીયર ગેસ છોડવામાં આવ્યો છે. પ્રદર્શનકારીઓએ સેનાના વાહનને પણ રોકી દેવામાં આવ્યા હતાં અને તેમની ગાડીઓને પંચ્ચર પાડી દેવામાં આવ્યા હતાં. કેટલાક સુરક્ષા જવાનોને પણ ઈજા થઈ હોવાના અહેવાલો છે.

દરમિયાન ભારતે મીડિયામાં આવેલા તે સમાચારોને 'પાયાવિહોણા અને અનુમાન પર આધારિત' ગણાવ્યા કે તેણે શ્રીલંકાના રાષ્ટ્રપતિ ગોટાબાયા રાજપક્ષેને દેશ છોડી માલદીવ જવા માટે મદદ કરી છે. શ્રીલંકાના ૭૩ વર્ષીય નેતા તેમની પત્ની અને બે સુરક્ષા અધિકારીઓ સાથે સેનાના એક વિમાનમાં દેશ છોડી જતા રહ્યા છે. શ્રીલંકામાં ભારતીય ઉચ્ચ કમિશને ટ્વીટ કર્યુ- હાઈ કમિશન મીડિયામાં આવેલા તે સમાચારોને 'પાયાવિહોણા તથા માત્ર અટકળો' તરીકે નાકારી કાઢ્યા છે કે ભારતે ગોટબાયા રાજપક્ષેને શ્રીલંકાથી બહાર ભાગવામાં મદદ કરી.તેમણે કહ્યું- એ પુનરોચ્ચાર કરવામાં આવે છે કે ભારત લોકશાહી માધ્યમો અને મૂલ્યો, સ્થાપિત લોકતાંત્રિક સંસ્થાઓ અને બંધારણીય માળખા દ્વારા સમૃદ્ધિ અને પ્રગતિની આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં શ્રીલંકાના લોકોને સહયોગ કરતા રહીશું.શ્રીલંકાની વાયુ સેનાએ એક સંક્ષિપ્ત નિવેદનમાં કહ્યું- સરકારના અનુરોધ પર અને સંવિધાન હેઠળ રાષ્ટ્રપતિને મળી શક્તિઓ અનુસાર રક્ષા મંત્રાલયની પૂર્ણ સ્વીકૃતિ સાથે રાષ્ટ્રપતિ, તેમની પત્ની અને બે સુરક્ષા અધિકારીઓને ૧૩ જુલાઈના કાતુનાયકે આંતરરાષ્ટ્રીય હવાઈ મથકથી માલદીવ રવાના થવા માટે શ્રીલંકન એર ફોર્સનું વિમાન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું. પ્રદર્શનકારીઓએ પોલીસ અને પ્રશાસનને ઘેરી લીધુ હતું.શ્રીલંકાના ઈતિહાસમાં પહેલી વાર રાષ્ટ્રપતિનું પદ સમયથી પહેલા ખાલી થઈ રહ્યું છે. આ અગાઉ ૧ મે ૧૯૯૩ના રોજ તત્કાલિન રાષ્ટ્રપતિ આર. પ્રેમદાસાની હત્યાના કારણે આ પદ ખાલી થયું હતું. શ્રીલંકાના પ્રધાનમંત્રી રાનિલ વિક્રમસિંઘેને દેશના કાર્યકારી રાષ્ટ્રપતિ બનાવામાં આવ્યા છે.

# મુંબઈ ભારે વરસાદ, મહારાષ્ટ્રના છ જિલ્લાઓ માટે રેડ એલર્ટ જાહેર

મુંબઈ,

મુંબઈ અને મહારાષ્ટ્રમાં આજે પણ ભારે વરસાદ ચાલુ છે. હવામાન વિભાગએ પાલઘર, રાયગઢ, નાશિક, પુણે, કોલ્હાપુર અને સતારા જિલ્લાઓ માટે રેડ એલર્ટ જાહેર કર્યુ છે. મુંબઈ અને થાણે માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મુંબઈમાં આખી રાત ધીમીધારે પડી રહેલા વરસાદે સવારથી જોર પકડ્યું છે. મુંબઈ અને તેના ઉપનગરોમાં પણ મંગળવારે સવારે ભારે વરસાદ પડ્યો હતો અને થોડા કલાકોમાં જ શહેરના ઘણા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. કેટલીક જગ્યાએ વાહન વ્યવહાર ખોરવાયો હતો.

મહારાષ્ટ્રના ઘણા ભાગોમાં અવિરત વરસાદને કારણે થયેલા અકસ્માતોમાં ત્રણ બાળકો સહિત ઓછામાં ઓછા નવ લોકોના મોત થયા છે અને પૂરગ્રસ્ત વિસ્તારોમાંથી ૯૫ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગના અહેવાલમાં જણાવાયું છે કે રાજ્યના પૂર પ્રભાવિત જિલ્લાઓમાં એનડીઆરએફની ૧૩ ટીમો અને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ત્રણ ટીમો તૈનાત કરવામાં આવી છે.

હવામાન વિભાગે નાશિક, પાલઘર અને પુણે જિલ્લામાં ત્રણ દિવસ માટે અતિશય વરસાદનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. છેલ્લા કેટલાક દિવસોમાં ભારે વરસાદને કારણે મંગળવારે નાશિક શહેરમાં શાળાઓ અને કોલેજો બંધ રહી હતી અને લોકોને પૂર પ્રભાવિત વિસ્તારોમાંથી સુરક્ષિત સ્થળોએ જવા માટે કહેવામાં આવ્યું હતું.

નાસિક શહેરમાં સવારે ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં ૯૭.૪ મિમી વરસાદ નોંધાયો હતો. જિલ્લાના સપ્તશ્રૃંગી મંદિર પાસે સોમવારે ભારે વરસાદ પડ્યો હતો. મંદિરના પગથિયાં પર પાણી ભરાવાને કારણે છ ભક્તોને નાની-મોટી ઈજાઓ થઈ હતી. પાલઘર જિલ્લામાં પૂરા થયેલા ૨૪ કલાકમાં ૧૦૯.૯ મીમી વરસાદ નોંધાયો છે. પાલઘર જિલ્લામાં સાવચેતીના પગલા તરીકે એનડીઆરએફની એક ટીમ તૈનાત કરવામાં આવી છે. મંગળવારે પૂરા થયેલા ૨૪ કલાકમાં થાણે જિલ્લામાં ૧૦૬.૩ મિમી વરસાદ નોંધાયો છે. મુંબઈના ઉપનગરમાં એક માળખું ધરાશાયી થતાં બે લોકોના મોત થયા હતા, જ્યારે પૂર્વ મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લામાં એક વ્યક્તિ ડૂબી ગયો હતો. મંગળવારે નાગપુર જિલ્લામાં પૂરમાં એક એસયુવી વાહન પુલ પરથી ધોવાઈ જતાં મધ્યપ્રદેશના ત્રણ લોકોના મોત થયા હતા અને અન્ય ત્રણ લોકો ગુમ થયા હતા. અકસ્માતમાં માર્યા ગયેલા લોકો મધ્યપ્રદેશના બેતુલ જિલ્લાના રહેવાસી હતા.

# કોરોના મહામારી હજુ ખતમ થવાની નજીક પણ પહોંચી નથી : WHO

નવીદિલ્હી,

દેશમાં કોરોનાની ચોથી લહેરની આશંકાઓ વચ્ચે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના એક નિવેદને ફરી એકવાર ચિંતા વધારી દીધી છે. ડબ્લ્યુએચઓના પ્રમુખે ચેતવણી આપતા કહ્યું કે, કોરોના મહામારી હજુ ખતમ થવાની નજીક પણ પહોંચી નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ ટેડ્રોસ અધનોમ ઘેબ્રેસિયસે મીડિયા બ્રિફિંગમાં દુનિયાને ચેતવણી આપતા કહ્યું કે કોરોનાની તાજા લહેર દર્શાવે છે કે મહામારી 'એ ક્યાંય ગઈ નથી, આપણી આસપાસ જ છે.' પ્રેસ બ્રિફિંગાં ટેડ્રોસે કહ્યું કે મને ચિંતા છે કે કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. ડબ્લ્યુએચઓના પ્રમુખે સરકારોને હાલના મહામારી નિયમોના આધારે તેમની કોવિડ યોજનાઓની સમીક્ષા કરવાની પણ વિનંતી કરી.

દેશમાં મંગળવારના કોરોના સંક્રમણના ૧૩,૬૧૫ નવા કેસ સામે આવ્યા બાદ સંક્રમિતોની સંખ્યા વધીને ૪,૩૬,૫૨,૯૪૪ થઈ ગઈ છે. ત્યારે એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧,૩૧,૦૪૩ પર પહોંચી ગઈ છે. આ સાથે જ ૨૦ લોકોના મોત થયા છે. આ સાથે જ મૃતકોની કુલ સંખ્યા વધીને ૫,૨૫,૪૭૪ થઈ ગઈ છે. દેશમાં હાલ કોવિડના ૧,૩૧,૦૪૩ એક્ટિવ દર્દી છે. જે કુલ કેસના ૦.૩૦ ટકા છે.

ઉલ્લેખનીય છે કે, દેશમાં સાત ઓગસ્ટ ૨૦૨૦ના સંક્રમિતોની સંખ્યા ૨૦ લાખ, ૨૩ ઓગસ્ટ ૨૦૨૦ ના ૩૦ લાખ અને પાંચ સપ્ટેમ્બર ૨૦૨૦ ના ૪૦ લાખથી વધારે થઈ ગઈ હતી. સંક્રમણના કુલ કેસ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૦ના ૫૦ લાખ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦ના ૬૦ લાખ, ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના ૭૦ લાખ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૦ ના ૮૦ લાખ અને ૨૦ નવેમ્બર ૨૦૨૦ના ૯૦ લાખને પાર પહોંચી ગઈ હતી. દેશમાં ૧૯ ડિસેમ્બર ૨૦૨૦ ના આ કેસ એક કરોડથી વધારે થઈ ગયા હતા. ગત વર્ષ ૪ મે ના સંક્રમિતોની સંખ્યા દોઢ કરોડ અને ૨૩ જૂન ૨૦૨૧ ના ત્રણ કરોડને પાર પહોંચી ગઈ હતી. આ વર્ષે ૨૫ જાન્યુઆરીના કેસ ૪ કરોડને પાર થઈ ગયા છે.

# ગુજરાતમાં વરસાદે ૮ વર્ષનો રેકોર્ડ તોડ્યો, અત્યાર સુધી સીઝનનો સૌથી વધુ વરસાદ પડ્યો

ગાંધીનગર,

આગામી ૩ દિવસમાં ગુજરાતમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે. સૌરાષ્ટ્રમાં ૩ દિવસ માટે ભારે વરસાદ થઈ શકે છે. આજે અને કાલે અતિભારે વરસાદની આગાહી છે. હવે ૧૫ જુલાઈ બાદ વરસાદનું જોર ઘટશે. તો અમદાવાદમાં પણ કાલે મધ્યમથી ભારે વરસાદની આગાહી છે. આ વચ્ચે ગુજરાતીઓ માટે હરખના સમાચાર એ છે કે, ગુજરાતમાં ૮ વર્ષમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે.

અત્યાર સુધીમાં ગુજરાતમાં સીઝનનો ૪૩ ટકા વરસાદ નોંધાયો છે. માત્ર ૧૦ દિવસમાં જ ગુજરાતમાં ૩૩ ટકા વરસાદ ખાબક્યો છે. જે ૮ વર્ષનો સીઝનનો અત્યાર સુધીનો સૌથી વધુ વરસાદ છે. રાજ્યમાં ૧૨ દિવસમાં જ સરેરાશ ૧૨ ઈંચ વરસાદ નોંધાયો છે. સરખામણી કરીએ તો, ગત વર્ષ કરતા અત્યાર સુધીમાં ૨૫ ટકા વધારે વરસાદ નોંધાયો છે. કચ્છમાં ગત વર્ષ કરતા ૫૮ ટકા વધુ વરસાદ નોંધાયો છે. અત્યાર સુધીમાં ૧૫ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. તો ગુજરાતના ડેમ અને જળાશયો પણ છલકાયા છે. ગુજરાતની જીવાદોરી નર્મદા ડેમમાં ૪૮ ટકા પાણીનો જથ્થો નોંધાયો છે.

# ચાઈનીઝ મોબાઈલ કંપની 'ઓપ્પો' પર દરોડા : રૂા.૪૩૦૦ કરોડની કરચોરી ઝડપાઈ

નવીદિલ્હી,

દેશમાં ચાઈનીઝ મોબાઈલ કંપનીઓ દ્વારા સર્જાયેલી ગેરરીતિમાં અગાઉ શીઓમી તથા વિવો સામે કાર્યવાહી બાદ હવે 'ઓપ્પો' પર દરોડા પાડવામાં આવ્યા છે અને આ કંપની રૂા.૪૩૮૯ કરોડની કસ્ટમ ડયુટીની ચોરી કરી હોવાનો ઘટસ્ફોટ થયો છે.ઓપ્પો ઈન્ડીયાએ ચાઈનીઝ કંપની ઓપ્પો- વનપ્લસ તથા રીયલમીની ભારતમાં કાર્યરત પેટાકંપની છે.

ડિરેકટર ઓફ રેવન્યુ ઈન્ટેલીજન્સ દ્વારા દિલ્હી સહિતના સ્થળોએ કંપનીની ઓફીસ તથા તેના ડિરેકટરોના નિવાસે દરોડા પાડવામાં આવ્યા હતા. ઓપ્પો-ઈન્ડીયાએ ભારતમાં મોબાઈલ ફોન ઉત્પાદન કરે છે પણ તેના છૂટા ભાગો ચીન-સિંગાપોર-હોંગકોંગથી આયાત કરે તથા તેમાં મોટાપાયે આયાત જકાત ચોરીનો ઘટસ્ફોટ થયો છે. ઉપરાંત ઓપ્પોએ જે લાયસન્સ ફી તથા રોયલ્ટી તેની પેરેન્ટ કંપનીને ચૂકવી છે તેમાં કંપની દ્વારા જે સ્પેર વિ. મંગાવ્યા હતા તેની કિંમત દર્શાવી ન હતી.બીજી તરફ ચાઈનીઝ મોબાઈલ કંપની 'વીવો' પર પાડવામાં આવેલ દરોડામાં કંપનીના જે બેંક ખાતા ફ્રીઝ કરાયા હતા તે ખોલી નાખવા દિલ્હી હાઈકોર્ટે આદેશ આપ્યો છે.

# મહેસાણા-તારંગા રેલ્વે લાઈનને વાયા અંબાજી થઈ આબુરોડ સુધી લંબાવવાના પ્રોજેક્ટને રેલ્વે મંત્રાલયે લીલી ઝંડી આપી

અમદાવાદ,

કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં આજે એક સૌથી મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીને રેલવે નેટવર્ક સાથે જોડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અંબાજીને રેલવે નેટવર્કની સાથે સાથે તરંગા-આબુ-અંબાજી-આબુ રોડને રેલ લાઈનથી જોડાશે. નવી રેલ લાઈનને કેબિનેટ મંજૂરી આપી દેવામાં આવી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, મહેસાણા-તારંગા રેલ્વે લાઈનને વાયા અંબાજી થઈ આબુરોડ સુધી લંબાવવાના રૂ.૨૭૯૮ કરોડના પ્રોજેક્ટને કેન્દ્રના રેલ્વે મંત્રાલયે લીલી ઝંડી આપી દીધી છે. કેન્દ્રીય કેબિનેટે ગુજરાતની રેલવે કનેક્ટિવિટી પ્રદાન કરવા અને વિકાસમાં ગતિ આપવા માટે તારંગા હિલ-અંબાજી-આબુ રોડ નવી રેલ લાઈનને મંજૂરી આપી. આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂ.૨૭૯૮.૧૬ કરોડ અને ૨૦૨૬-૨૭ સુધીમાં પૂર્ણ થશે.

નોંધનીય છે કે, અગાઉ કેન્દ્ર સરકારે રૂ.૧૬૯૫.૭૨ કરોડના ખર્ચે વરેઠા રેલવે સ્ટેશનથી વાયા અંબાજી થઈ આબુ રોડ સુધી રેલલાઈન લંબાવવા યોજના ઘડી હતી. મહેસાણાથી તારંગા સુધી રેલ્વે લાઈન નંખાઈ ગયા બાદ આગળનું કામ શરૂ નહીં થતાં સાંસદ ભરતસિંહ ડાભીએ લોકસભામાં પ્રશ્ન ઉઠાવ્યો હતો.

# વિશ્વનાં ૫૦ સુંદર સ્થળોની યાદીમાં અમદાવાદ અને કેરળનો સમાવેશ

મુંબઈ,

ટાઈમ મેગેઝિને વર્ષ ૨૦૨૨નાં સર્વશ્રેષ્ઠ સ્થળોની યાદીમાં અમદાવાદ અને કેરળને સામેલ કર્યા છે. આ શહેરોમાં ૫૦થી વધુ અસાધારણ સ્થળો છે જ્યાં પ્રવાસીઓ ફરી શકે છે. ટાઈમ મેગેઝિનના જણાવ્યા પ્રમાણે, સાબરમતી નદીના કિનારે ૩૬ એકરમાં બનેલા શાંત ગાંધી આશ્રમ સાથે શહેર નવરાત્રીનો આનંદ પણ માણે છે. આ શહેરમાં નવ દિવસ માટે વિશ્વનો સૌથી લાંબો નૃત્ય ઉત્સવ યોજાય છે. તેમણે ઉમેર્યું હતું કે, અમદાવાદના ગુજરાત સાયન્સ સિટીમાં વિશાળ મનોરંજન કેન્દ્ર અને થીમ પાર્ક ગયા વર્ષે ત્રણ મુખ્ય આકર્ષણોનું અનાવરણ કર્યુ હતું. જેમાં લોકોને સ્થાનિક વનસ્પતિઓ વિશે શિક્ષિત કરવા તેમજ ચેસ અને યોગ કરવા માટેની નવી જગ્યાઓ પ્રદાન કરવા માટે ૨૦ એકરનો નેચર પાર્કનો સમાવેશ થયો છે. આ સાથે"એક નવી ઈન્ટરેક્ટિવ રોબોટ ગેલેરી પણ છે જે રોબોટિક્સમાં નવીનતાની દેખાય છે અને ટ્રાન્સફોર્મરની વિશાળ પ્રતિકૃતિ દર્શાવે છે. સાયન્સ સિટીમાં નવું એક્વેરિયમ, જે વિશ્વભરમાંથી જળચર પ્રજાતિઓનું પ્રદર્શન કરે છે, તે હવે ભારતનું સૌથી મોટું છે." ટાઈમની સૂચિમાં ભારતના દક્ષિણ-પશ્ચિમ કિનારે આવેલા કેરળનો પણ સમાવેશ થાય છે. તે દેશના સૌથી સુંદર રાજ્યોમાંનું એક છે. મેગેઝિન અનુસાર, ભવ્ય દરિયાકિનારા અને લીલાછમ 'બેકવોટર્સ', મંદિરો અને મહેલો સાથે, બધા યોગ્ય કારણોસર તેને 'ભગવાનનો પોતાનો દેશ' કહેવામાં આવે છે. શ્રેષ્ઠ સ્થળોની યાદીમાં રાસ અલ ખૈમાહ-સંયુક્ત આરબ અમીરાત, ઉતાહ-સિઓલ, ગ્રેટ બેરિયર રીફ-ઓસ્ટ્રેલિયા, આર્કટિક-સ્પેન, ટ્રાન્સ ભૂટાન ટ્રેઈલ-ભુતાન, ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન-બોગોટાનો પણ સમાવેશ થાય છે.

# આંતરરાષ્ટ્રીય એજન્સી ભારતનો વિકાસ દર લક્ષ્યાંક ઘટાડયો


નવીદિલ્હી,

વિશ્વભરમાં હવે આગામી સમયમાં આર્થિક મંદી શરૂ થશે તેવો અંદાજ સાથે વૈશ્વીક ફાયનાન્સીયલ રેટીંગ એજન્સી નોમુરાએ ૨૦૨૩ના વર્ષ માટે ભારતનો વિકાસદર લક્ષ?યાંક ઘટાડીને ૫.૪% વાળી ૪.૭% કર્યા છે.

નોમુરાએ તેના અહેવાલમાં જણાવ્યું છે કે ઉંચો ફુગાવો રીઝર્વ બેંક દ્વારા વ્યાજદરમાં કરવામાં આવી રહેલા વધારા તથા લીકવીડીટી ઘટાડવા સહિતના જે પગલા લેવામાં આવી રહ્યા છે.

તેના કારણે ભારતના વિકાસ દર પર અસર થશે અને વૈશ્વીક અર્થતંત્રની સાથે ભારતનું અર્થતંત્ર પણ ધીમુ પડશે. ભારતનું અર્થતંત્ર કોરોના કાળ પુર્વેના સમયમાં જવા માટે હાલ તૈયાર છે પણ ખાસ કરીને ફુગાવાની સ્થિતિ ચિંતાજનક છે અને ગઈકાલે જ જાહેર થયેલા છૂટક ફુગાવો સતત ૭% ઉપર રહ્યો છે અને હજુ ખરીફ પાકની નવી મૌસમ સુધી ભાવ સપાટીમાં ઘટાડાનો કોઈ સંકેત નથી.

સરકાર દ્વારા ફુગાવાને ડામવા કરતા આગળ વધતો અટકાવવા માટે વધુ ચિંતા કરવામાં આવી રહી છે અને તેના કારણે મોનેટરી પોલીસ વધુ કડક બનાવો એજન્સીએ જણાવ્યું કે વૈશ્વીક અર્થતંત્ર આગામી દિવસમાં તબકકાવાર મંદીના માહોલમાં જશે. ક્રુડતેલના ભાવમાં જે સતત ઘટાડાનું વલણ જોવા મળે છે તે તેનું પ્રથમ સંકેત છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# સંતરામપુર તાલુકાના ભમરી ગામે વંદે ગુજરાત વિકાસ યાત્રાનું ભવ્યાતીભવ્ય સ્વાગત કરતા ગ્રામજનો

લુણાવાડા,

સંતરામપુર તાલુકાના ભમરી ગામે ‘‘વંદે ગુજરાત વિકાસ યાત્રા’’ના માધ્યમથી છેલ્લા ૨૦ વર્ષથી થયેલ વિકાસના કામો અને યોજનાઓ લોકો સુધી પહોચાડવા અંગે કાર્યક્રમમાં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય કક્ષાના ડો. કુબેરભાઈ ડિંડોરની ઉપસ્થિતિમાં કેન્દ્ર-ગુજરાત સરકારની વિવિધ યોજનાઓની વિગતવાર જાણકારી આપી તેનો જરૂરીયાત મંદ લોકોને લાભ લેવા અનુરોધ કર્યો હતો.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

આ પ્રસંગે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી ડો. કુબેરભાઈ ડિંડોરે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના કારણે છેવાળાના લોકો સુધી વિકાસના ફળ પહોંચ્યા છે. કોરોના જેવી આપત્તિમાં લોકોને વિનામૂલ્યે અનાજ વિતરણની સાથે જન આરોગ્યના રક્ષણ માટે રસીના ત્રણ-ત્રણ ડોઝ નિ શુલ્ક ઉપલબ્ધ કરાવ્યા છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, ખેડૂતોને સન્માનની સાથે તેમની આવક પણ બમણી થાય તે માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો પણ લાભ મળી રહ્યો છે. આયુષ્માન કાર્ડ હેઠળ પ્રત્યેક વ્યક્તિને ગંભીર બીમારીમાં પાંચ લાખનો વીમો, સહિતના અનેક જનસેવાના પ્રકલ્પો લોકો સુધી પહોંચાડવામાં કેન્દ્ર-રાજ્ય સરકાર સફળ રહી હોવાનું ઉમેર્યું હતું.

આ પ્રસંગે મંત્રી ડિંડોર સહિત ઉપસ્થિત મહાનુભાવોઅને સર્વે ગ્રામ જનોએ વંદે ગુજરાત ફિલ્મ નિદર્શનની નીહાળી હતી.

આ પ્રસંગે મહીસાગર જિલ્લા આરોગ્ય શાખા દ્વારા કોરોના રસીકરણ, પૂરક પોષણ, આરોગ્ય તપાસ જેવા કાર્યક્રમોનું આયોજન વંદે ગુજરાત વિકાસ યાત્રાના સ્થળ પર કરવામાં આવ્યું હતું. જેનો લાભ ઉપસ્થિત લોકોએ બહોળી સંખ્યામાં લાભ લઈ આરોગ્યની ચકાસણી કરાવી હતી.

આ પ્રસંગે મંત્રી કુબેરભાઇ સહિત ઉપસ્થિત મહનુભાવોના હસ્તે કેન્દ્ર-રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને યોજનાકીય લાભોથી લાભાન્વીત કરવામાં આવ્યા હતા. જ્યારે કાર્યક્રમ પુર્ણ થયા બાદ મંત્રી સહિત મહાનુભાવોના હસ્તે સ્થળ પર વૂક્ષા રોપણ કરવામાં આવ્યું હતું.

જિલ્લા કલેક્ટર ડો.મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી. લાખાણી, સંતરામપુર તાલુકા જિલ્લા આદિજાતિ મોરચાના પ્રમુખ ભરતભાઈ પારગી, તાલૂકા પંચાયત ન્યાય સમિતિના ચેરમેન હરીશભાઈ વળવાઈ, પ્રાંત અધિકારી જાધવ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, ભમરી ગામના સરપંચ, શક્તિકેન્દ્ર પ્રમુખ સહીત ગામના ના લોકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# સંતરામપુર પાલિકા દ્વારા ભુર્ગભ ગટરના ચેમ્બર શોધવા રોડ ખોદી નાખ્યો

સંતરામપુર,

સંતરામપુર નગરપાલિકાના ભૂગર્ભ ગટરના ચેમ્બર શોધવા માટે રોડ તોડી નાખ્યો. નિયમ મુજબ ચોમાસામાં ડામર રસ્તાનું કામગીરી થતી નથી, તેમ છતાં નગરપાલિકા રોડ ખોદીને સ્થાનિક નાગરિકોને મુશ્કેલીને મૂક્યા હવે નગરપાલિકા બનાવવાનું તો નહીં પરંતુ રોડ તોડીને નાગરિકોને હેરાન કર્યા નગરપાલિકાની પોતાની મનમાની ચલાવીને તેમ છતાં હજુ સુધી નગરપાલિકાએ રસ્તાની કોઈ કામગીરી કરવા તૈયાર નથી. આખો ઉનાળો નગરપાલિકા ઊંઘી રહી જયારે



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

પ્રિમોન્સૂન ચોમાસું શરૂ થતા આડેધડ ચેમ્બરો શોધવા અંદાજો લગાવીને વિસ્તારનો રસ્તો અને રોડ ખોદી નાખ્યો. આજ વિસ્તારમાં રાજ્ય કક્ષાના મંત્રી અને જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ આવા રસ્તા પરથી પસાર થઈને જાય છે. તેમ છતાં કોઈને જોવાતું નથી, પરંતુ રાહદારીઓ વાહન ચાલકો ગંભીર પરિસ્થિતિમાં મુશ્કેલી વેઠી રહ્યા છે. આવા ભંગાર રસ્તાઓ ત્રાહિમામ પુકારી ઊઠ્યા છે. નગરપાલિકા કઈ રીતે કામગીરી કરે છે, એ કોઈને ખબર પડતી નથી. નગરપાલિકાની બેદરકારી જોવાઈ રહી છે. સંતરામપુરના નાગરિકો મુશ્કેલી રહેલા છે. તેની જવાબદાર નગરપાલિકાના પ્રમુખ ચૂંટાયેલા સભ્ય અને ચીફ ઓફિસરને ખુદ નગરપાલિકા સંતરામપુરવાસીઓમાં ભારે આક્રોશ જોવાઈ રહ્યો છે.

# મુખ્ય મંત્રી માતૃ શકિત યોજના અને ટેક હોમ રાશન યોજના સગર્ભા મહિલાઓ માટે આશીર્વાદરૂપ બની છે

લુણાવાડા,

સમગ્ર સમાજની નારી શકિતને સામર્થ્યવાન બનાવવા સાથે આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા માટે રાજ્ય સરકારે મહિલાલક્ષી અનેક કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. જેવી કે પોષણ સુધા યોજના, દૂધ સંજીવની યોજના, ટેક હોમ રાશન,એસ.એ.જી., પૂર્ણા યોજના, મહિલા સુરક્ષા, ચિરંજીવી યોજના જેવી અનેકવિધ યોજનાઓ થકી મહિલાઓ વધુ સશકત બની સશકત અને તંદુરસ્ત સમાજનું નિર્માણ કરી શકે તે દિશામાં આગળ વધી રહી છે.

સ્ત્રી મૃત્યુ દરની સાથે બાળ મૃત્યુ દરનું પ્રમાણ ઘટે તેની સાથે જો સગર્ભા માતા સશકત હશે તો બાળક પણ સશકત રહે તે માટે રાજ્ય સરકારનો આરોગ્ય વિભાગ સતત કાર્યરત રહે છે.



માતૃશકિત યોજના અંતર્ગત સગર્ભા માતાઓને દર મહિને માતૃશકિતના ચાર પેકેટની સાથે સત્વ મીઠું આપવામાં આવે છે. જેમાં હવે મુખ્ય મંત્રી માતૃ શકિત યોજના અંતર્ગત પ્રથમ વખત સગર્ભા-ધાત્રી માતા અને પ્રથમ વખત ૨ વર્ષ સુધીનું બાળક હોય તો આની સાથે વધારાનું એક કીલો તુવેરદાળ, બે કીલો ચણા અને એક લીટર સીંગતેલ પણ આપવામાં આવે છે. જેથી સગર્ભા-ધાત્રી માતાની તંદુરસ્તી જળવાઈ રહે.

આ યોજના અંતર્ગત આરોગ્યની આંગણવાડી અને આશા વર્કરો દ્વારા સગર્ભા-ધાત્રી માતાઓની મુલાકાત લઈને તેઓના શરીરની તંદુરસ્તી અને આરોગ્યની ચકાસણી કરી આવનારૂં બાળક કેવી રીતે તંદુરસ્ત રહે તેનું માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડાની રહેવાસી એવી સગર્ભા શેખ સમસાદબાનુ કે જેઓ મોડાસા ફળી આંગણવાડીના લાભાર્થી છે.

તેણી એક મુલાકાતમાં જણાવે છે કે, હું સગર્ભા હોવાથી મને રાજ્ય સરકાર તરફથી દર મહિને માતૃ શકિતના ચાર પેકેટ અને સત્વ મીઠું આપવામાં આવે છે. જેમાંથી હું સુખડી, લાડુ, ઉપમા, પરોઠા, ગુલાબજાંબુ જેવી વાનગી બનાવીને ખઉં છું. સાથે સાથે સત્વ મીઠુંનો પણ ઉપયોગ કરૂં છું. આ સત્વ મીઠાથી મને ખૂબ ફાયદો થયો છે. સરકારની આ યોજનાને કારણે પહેલાં મારૂં વજન ૪૨ કિ.ગ્રા. હતું તે વધીને આજે ૫૨ કિ.ગ્રા. થયું છું જેથી હુ મારા જેવી બીજી સગર્ભા માતાઓને પણ સરકારની આ યોજનાનો લાભ લેવાનું જણાવી સરકારની આ યોજનાથી મને ખૂબ ફાયદો થવાથી સરકારનો આભાર માનું છું.

આમ, કહી શકાય કે, રાજ્ય સરકારની મુખ્ય મંત્રી માતૃ શકિત યોજના અને ટેક હોમ રાશન યોજના સગર્ભા મહિલાઓ માટે આશીર્વાદરૂપ બનવાની સાથે સગર્ભા-ધાત્રી માતાઓને તંદુરસ્ત, સ્વસ્થ અને સશકત બનાવનારી સાબિત થઈ રહી છે.

# શામણા ઉદ્‌વહન સિંચાઇ યોજના અંતર્ગત કડાણા તાલુકાના ૧૭ તળાવોમાં પાણી ભરાતા રાહત

સંતરામપુર,

શામણા ઉદ્‌વહન સિંચાઈ યોજના કાર્યરત નહિ થતાં સંતરામપુર અને લુણાવાડા તાલુકાના તળાવો પાણી ભરવાથી વંચિત રહેતા શીયાલ ઉદ્‌વહન સિંચાઈ યોજના હેઠળના સંતરામપુર અને કડાણા તાલુકાના ૧૭ તળાવો પાણીથી ૪૦ ટકા ભરાતા લોકોને રાહત મળેલ છે. મહિના સ્તર ઘટતા મહિસાગર જિલ્લાના સંતરામપુર અને દાહોદ જિલ્લામાં મુશ્કેલી ઉભી થઈ છે.

કડાણા બંધમાંથી કઠાયેલ ડાબા કાંઠાની ઉચ્ચસ્તરિય નહેરના પાણી શિયાલને શામણા તળાવોમાં પાડીને આ તળાવો પાણીથી ભરીને આ પાણી સંતરામપુર, કડાણા અને લુણાવાડા તાલુકાના તળાવો પાણીથી ભરવાની યોજનાની કામગીરી શરૂ કરાયેલ છે. આ યોજનામાં સમાવિષ્ટ ગામોના તળાવો ભરવાની હાલ શિયાલ ઉદ્‌વહન સિંચાઈ યોજના કાર્યરત છે. શામણા ઉદ્‌વહન સિંચાઈ યોજનાની કામગીરી હજુ ફીઝીકલી પુરી થઈ ન હોઈ કાર્યરત થઈ નથી. ને શામણા ઉદ્‌વહન સિંચાઈ યોજના કાર્યરત નહિ થતાં આ યોજનામાં સમાવિષ્ટ સંતરામપુર ને લુણાવાડા તાલુકાના ૧૭ તળાવો આજ સુધી પાણીથી નહિ ભરાતા તે વિસ્તારના ખેડુતો તથા ગ્રામજનોને પાણીની સમસ્યા ઉભી થયેલ છે.

# જીલ્લા રોજગાર કચેરી ગોધરા દ્વારા કલરવ સ્કુલ ગોધરા ખાતે તાલુકા કક્ષાનો રોજગાર ભરતી મેળા અને સ્વરોજગાર માર્ગદર્શન શીબીર યોજવામાં આવી



ગોધરા,

જીલ્લા રોજગાર વિનિમય ગોધરા દ્વારા કલરવ સ્કુલ ગોધરા ખાતે ગોધરા, શહેરા, મોરવા(હડફ) તાલુકાના ઉમેદવાર ભાઈઓ અને બહેનોને ખાનગી ક્ષેત્રમા રોજગારી અને સ્વરોજગારીની તકો મળે તે માટે તાલુકા કક્ષાનો રોજગાર ભરતી મેળો અને સ્વરોજગાર શીબીર યોજવામાં આવી. જેમાં પંચમહાલ, ભરૂચ, વડોદરા જીલ્લા ૦૭ નોકરીદાતા હાજર રહ્યા. ભરતી મેળામાં ૧૮ થી ૩૫ વર્ષના ધો ૧૦ પાસ, ૧૨ પાસ, આઈટીઆઈ અને ગ્રેજ્યુએટ લાયકાત મુજબની ૨૫૦ જેટલી ટેક્નીકલ, નોન ટેક્નીકલ જગ્યા માટે ૧૦૦ થી વધુ ઉમેદવારોએ ઈન્ટરવ્યુ પ્રક્રીયામાં ભાગ લીધો. ૮૫ ઉમેદવારોની પ્રાથમીક પસંદગી કરવામાં આવી. જીલ્લા રોજગાર કચેરી દ્વારા ૨૦૦૦ જેટલા ઉમેદવારોને ભરતી મેળામાં ભાગ લેવા એસ.એમ.એસ. અને ઈમેલથી જાણ કરવામાં આવેલ હતી. ઉમેદવારોને આગામી દિવસોમાં ઘેર બેઠા રોજગારીનો લાભ લેવા અનુબંધમ પોર્ટલ www. anubandham. gujarat. gov.in પર અને નેશનલ કેરિયર સેન્ટર www.ncs.gov.in પર રજીસ્ટ્રેશન કરવા અને રોજગાર સેતુ હેલ્પલાઇન ૬૩૫૭૩૯૦૩૯૦નો સંપર્ક કરવા તેમજ ભરતી મેળામાં રોજગારી મેળવવા માંગતા ન હોય તેઓને સ્વરોજગારી માટે સ્વતંત્ર ધંધો વ્યવસાય કરવા લોન સહાય મેળવવા જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ગોધરાનો યાદી મુજબના ડોક્યુમેન્ટ સાથે સંપર્ક કરવા જીલ્લા રોજગાર અધિકારી એ.એલ.ચૌહાણ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

# પંચમહાલ જીલ્લાના ઉમેદવારો માટે સ્વામી વિવેકાનંદ લશ્કરી ભરતી પૂર્વે વિના મુલ્યે નિવાસી તાલીમવર્ગ માટે અરજીઓ મંગાવવામાં આવી

ગોધરા,

ગુજરાતમાં આગામી યોજાનાર લશ્કરી ભરતી રેલીમાં ભાગ લેવા યોગ્ય હોય તેવા પંચમહાલ જીલ્લાના ઉમેદવારો માટે ભરતી પૂર્વેની તૈયારી માટે ૩૦ દિવસની નિવાસી તાલીમવર્ગ ગોધરા ખાતે શરૂ કરવાનું આયોજન છે. જેમાં વિના મુલ્યે રહેવા અને જમવાની સુવિધા રાખેલ છે. રસ ધરાવતા ૧૭.૫ થી ૨૦ વર્ષ સુધીના અને ધો.૧૦ પાસ ૪૫ ટકા સાથે પાસ કરેલ હોવું જોઈએ તેમજ લશ્કરી ભરતીમાં ફીઝીકલ ટેસ્ટમાં ઉમેદવારોએ ૧૬૦૦ મીટર દોડ ૫.૩૦ મીનીટમાં દોડવી ફરજીયાત છે. તેમજ ૧૦ પુલ્પસ, ૯ ફૂટનો લાંબો કુદકો કરવાનો હોય છે. ઉમેદવારની ઉંચાઈ ૧૬૮ સેમી કે તેથી વધુ (એસ.ટી માટે ૧૬૨ સે.મી કે તેથી વધુ હોવી જોઈએ તેમજ ૫૦ કી.ગ્રા વજન અને ૭૭ થી ૮૨ સે.મી છાતી હોવી જરૂરી છે. લશ્કરી ભરતીની ફીઝીકલ અને લેખિત પરિક્ષામા સારો દેખાવ કરી શકે તે માટે વિના મુલ્યે તાલીમ લેવા ઈચ્છતાં રસ ધરાવતા અપરણિત પુરૂષ ઉમેદવારોએ તા.૨૦.૦૭.૨૦૨૨ સુધીમાં પાસપોર્ટ ફોટા, એલ સી, માર્કશીટ, જાતિનો દાખલો, ડોમિસાઈલ પ્રમાણપત્ર, બેંક પાસ બુક, આધાર કાર્ડ સાથે નિયત નમૂનામાં બાહેધરી પત્ર સાથેની અરજી રોજગાર કચેરી ગોધરાને કરવાની રહેશે. તેમજ ગુગલ ફોર્મની આ લીંક પર પોતાની વિગત આપવી https://forms.cle/MzWfrnR4idG8bdyE6 : આ તાલીમની અરજીનું ફોર્મ રોજગાર કચેરી ખાતેથી વિના મુલ્યે મળશે તેમજ ઓનલાઈન તેમજ રોજગાર કચેરીના મોડેલ કેરિયર સેન્ટર ગોધરાના ફેસબુક એકાઉન્ટ પર ઉપલબ્ધ કરવામાં આવશે સમય મર્યાદામાં આવેલ અરજીઓમાંથી સ્કુટીની કરવામાં આવશે અને આર્મી ભરતીની જાહેરાતમાં જણાવેલ લાયકાત ધરાવતા તેમજ આર્મી ભરતી માટે ઓનલાઇન અરજી કરનાર ઉમેદવારોને તાલીમ માટે પસંદ કરવામાં આવશે. તેમજ આ તાલીમમાં અંગ્રેજી,ગણિત,સામાજિક વિજ્ઞાન, જનરલ નોલેજ કમ્પ્યુટર જેવા વિષયની તાલીમ આપી શકે તેવા વિષય નિષ્ણાત અનુભવી શિક્ષક/ નિવૃત શિક્ષક પોતાની અરજી રોજગાર કચેરી ગોધરા ખાતે તા.૨૦.૦૭ ૨૦૨૨ સુધીમાં જમાં કરવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે હેલ્પ લાઇન નંબર ૦૨૬૭૨૨૪૧૪૦૫/ ૬૩૫૭૩૯૦૩૯૦ પર સંપર્ક કરવા રોજગાર અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

# ગોધરા સ્ટેશન રોડ ધકકા પાસે વરલી મટકાનો જુગાર રમાડતા ઈસમ ઝડપ્યો

ગોધરા,

ગોધરા સ્ટેશન ધક્કા પાસે ખુલ્લામાં વરલી મટકાનો જુગાર રમાડતા સ્થળે પોલીસે રેઈડ કરી એક ઈસમને ૧૦,૮૩૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા સ્ટેશન રોડ ધક્કા પાસે જાહેર જગ્યામાં વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી નજીમખાન પઠાણ (કાલોલ)ને સ્લીપ બુક અને રોકડ રૂપીયા ૧૦,૮૩૦/-રૂપીયા સાથે ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# વિરપુર ભવાનીના મુવાડા ગામ પાસે એસ.ટી.બસ રોડ સાઈડ ખાડા ઉતરી સદ્દનસીબે જાનહાનિ ટળી

લુણાવાડા,

મહિસાગર જીલ્લાના વિરપુર ભવાનીના મુવાડા ગામ પાસે એસ.ટી.બસ સામે આવતાં વાહનને બચાવવા જતાં રોડ સાઈડ ઝાડીઓમાં ઉતરી પડી સદ્દનસીબે જાનહાનિ ટળી. વિરપુર તાલુકાના ભવાનીના મુવાડા ગામે આજરોજ રોડ ઉપર થી પસાર થી એસ.ટી.બસની સામે અન્ય વાહન આવતાં અકસ્માત ન થાય તે માટે રોડ સાઈડ એસ.ટી.બસને કરવા જતાં બસ રોડ ઉપર સાઇડની ખાડાની ઝાડીમાં ઉતરી પડી હતી. સદ્દનસીબે કોઈ જાનહાનિ થવા પામી નથી.

# ગોધરા તાલુકાની ચિખોદ્રાની નોંધ નં.૨ વાળી રામજી મંદિરની જમીનોમાં ખોટા દસ્તાવેજ અને સુધારા હુકમ કરીને નુકશાન કરવામાં આવ્યું ?

ગોધરા,

ચિખોદ્રા દેવસ્થાન રામજી મંદિર ટ્રસ્ટની એ ૧૨૨૧-૧૫ જમીનો આવેલી છે અને તેની નોંધ નંબર-૨ રામજી મંદિરના નામે તા.૧/૧/૧૯૫૭ નોંધ પડેલ છે. પરંતુ નોંધ-૨ની અસલ તા.૧-૧-૧૯૫૭ છે અને અસામાજીક તત્વો દ્વારા તા.૧૨/૩/૧૯૫૭ કરી નાખેલ છે. ટ્રસ્ટના વહીવટદાર નારણરાવ માધવરાય સ્વ. નામે ચાલતી હોવાથી નામ ચાલુ રાખ્યું. જે નોંધ નંબર ખુબ જ મોટી પ્રમાણ એકર-૧૨૨૧ ગુંઠા-૧૫ નોંધ-૨ થી રેવન્યુ રેકર્ડ ઉપર પડેલ છે. પરંતુ આ નોંધ સરકારશ્રી પંચમહાલ જીલ્લા કલેકટર કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા નોંધ નંબર-૨ વાળી જે તે સમયે ઓનલાઈન અપલોડ કરવા કર્મચારીઓ પંચમહાલ જીલ્લાઓ દ્વારા લાંબા ગાળે લાંચ રૂશ્વત લઈ ઓનલાઈન રામજી મંદિર દેવસ્થાનની નોંધ નંબર-૨ ઓનલાઈન અપલોડ કરી કરાવેલ નથી અને આ જમીનો ઉપર આદિવાસીઓને રામજી મંદિરના તરફ ખેડાણ કરી ગુજરાત ગરીબ ઈસમોને આપેલ પરંતુ અસામાજીક તત્વોના રાજકીય લાગવગ ધરાવતા ઈસમો દ્વારા અનેક આદિવાસીઓને ધાકધમકીઓ આપી પોલીસ દબાણો લાવી ગરીબ ઈસમો પાસે છીનવી લઈ તમામ મિલ્કતો અસામાજીક તત્વોના તત્વો દ્વારા એક પછી એક જમીનોમાં ફેરફાર કરી મોટા પ્રમાણમાં રાજકીય જે તે સમયનાઓ દ્વારા ખૂબ જ મોટા પ્રમાણમાં મિલ્કતો વેચી પાડેલ છે અને અઢળક દાનની મિલ્કતોના વેચાણ થાય તેવો સારી રીતે જાણતા હોવા છતાં (દાન)માં મિલ્કતો અપાય પણ આ ભુખ્ખડ અસામાજીક તત્વો એ (દાનવાળી) તમામ મિલ્કતો પોતાની માલીકીની હોય અને પોતાના બાપની હોય તેમ સમજી ચિખોદ્રાની સોનાની લગડી જેવી મિલ્કતો રામજી મંદિરને કોઈપણ જાણ કર્યા વગર વેચી પાડી અઢળક રૂપીયા કરી લીધા છે. જે નોંધોની તપાસ કરતા કોને કોને રામજી મંદિરની જમીનો વેચી અને કોના કોના નામ ઉપર છે. તે જો ઉંડાણમાં નોંધોનું સાકળીયું બનાવવાથી તમામ મિલ્કતોનું (સજેશન) તાત્કાલીક મળી જશે. આમ, આ રામજી મંદિર દેવસ્થાન જમીનોમાં અસામાજીક તત્વોના તથા પંચમહાલ જીલ્લા કલેકટરના કર્મચારીઓ, અધિકારીઓ ખૂબ જ મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વતો આપી રામજી મંદિરની તમામ જમીનોમાં મોટા પ્રમાણમાં સુધારા હુકમો કરાવી અનેક પ્રકારના ખેલો રમી રહ્યા છે અને નોંધ નંબર-૨ ચિખોદ્રા તલાટી, મહેસુલી નાયબ મામલતદાર, ઈ-ધરા નાયબ મામલતદાર, મુખ્ય મામલતદાર ગ્રામ્ય વિભાગ પી.બી.કુંભાણી, ગોધરા સબ રજીસ્ટ્રર ચૌહાણ, ગોધરા સબ રજીસ્ટ્રર મછાર તથા અન્ય દ્વારા કોઈ નોંધ નંબર-૨ ચિખોદ્રાની રેવન્યુ નાયબ મામલતદાર ઈ-ધરા મારફતે પણ નહી લઈ આ રામજી મંદિર દેવસ્થાનની દાન કરેલી મિલ્કતોમાં મોટા પ્રમાણમાં દસ્તાવેજો કરી અઢળક રૂપીયા દાનની મિલ્કતોમાં ગંદી નીતિથી ગેરરીતિઓ કરી કરાવી રહ્યા છે અને દેવસ્થાન રામજી મંદિરની મિલ્કતો રફેદફે કરી કરાવી રહ્યા છો. આમ, ચિખોદ્રા ગામની કેટલીક મિલ્કતો સરકારી પડતર હોવા છતાં અસામાજીક તત્વોના બિલ્ડરોને સુધારા હુકમના આધારે પધરાવી દેવામાં આવેલ છે. જે સરકારી મિલ્કતોમાં આજદિન સુધી દેવસ્થાન રામજી મંદિરનું નામ દાન કરેલી મિલ્કતો પંચમહાલ જીલ્લા કલેકટરના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા કોઈ તસ્દી લીધી નથી કે લેવડાવેલી નથી. આ રામજી મંદિરની એકર ૧૨૨૧ ગુંઠા-૧૫ વાળી જમીનો ખુબ ઝીણવટ ભરી તપાસ કરી કરવા તથા કરેલ ગેરરીતિઓ સામે યોગ્ય તપાસ કરી કરાવી તેવી હિન્દુ સમાજની મિલ્કતો અંગેની માંગ છે. નોંધ નંબર-૨ બાબતે પી.બી.કુંભાણી દ્વારા ખુબજ મોટા પ્રમાણમાં ગેરરીતિઓ આચરેલ છે અને કેટલાક સુધારા ખોટા પોતે ઈ-ધરા નાયબ મામલતદાર સ્કેનર દ્વારા નામો દલાલો, બિલ્ડરો તથા લાગવગ ધરાવતા ઈસમોને સુધારા હુકમો કરી દાનની રામજી મંદિરની જમીનો હિન્દુ કોમના રાજ્ય સેવકોએ લઘુમતી કોમના ઈસમોએ ખુબજ મોટા પ્રમાણમાં ફેરફાર એકબીજાના સંબંધોના કારણે તબદીલી કરી દાનની મિલ્કતોમાં લાંચો લઈ નોંધ નંબર-૨ ઓનલાઈન નહી મુકી દેવસ્થાનની જમીનો લઘુમતી કોમના ઈસમોને પધરાવી દીધેલ છે. આમ, મોજે ચિખોદ્રા ગામની ૧૨૨૧ ગુંઠા-૧૫વાળી જમીનો જીલ્લા કલેકટરના કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા એન.એ. વાણિજય હેતુમાં ખુબ જ મોટા પ્રમાણમાં લાંચ રૂશ્વતો લઈ નોંધોનું પુરુ સાંકળી નહી માંગી નોંધ નંબર-૨ રામજી મંદિરની નોંધ નહી મુકી કેટલીક જમીનો બરોડા હાઈવે રોડ ટચ ખુબજ કિંમતી દાનમાં આવેલ જમીનોમાં પોતાના બાપની મિલ્કતો સમજી રામજી મંદિરના વહીવટદારના પુછયા પાછયા તથા ચેરીટી કમિશ્નરના હુકમો ના હોવા છતાં મોટા મોટા ગોડાઉન, પેટ્રોલ પંપ વિગેરે... વિગેરે વાણીજય હેતુ માટે ગેરકાયદેસર એકબીજાના ખુબજ મોટા સંબંધોના આધારે તમામ મિલ્કતોમાં પરમીશન આપનાર તથા નોંધ મકી આગળની કાર્યવાહી કરનાર સામે અરજદાર દ્વારા આગળની કાર્યવાહી કરવાની તૈયારીમાં છે. કારણ કે, નોંધ નંબર-૨ ચિખોદ્રા ગામની નોંધ નં.-૨ ૧૨૨૧ - ગુંઠા-૧૫ વાળી જમીનો સરકાર પડતર હોવા છતાં દાન કરેલ રામજી મંદિરનું નામ ચડાવેલ નથી. ખોટા સુધારા હુકમો કરતા રામજી મંદિરની નોંધ-૨ કોઈ ધ્યાને લેતા નથી. એન.એ. કરાવતા પહેલા નોંધ નંબર-૨ ધ્યાને જીલ્લા કલેકટર પંચમહાલ ગોધરાના મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓ દ્વારા કોઈપણ પ્રકારનો ફેરફાર કરતા પહેલા નોંધ-૨ ધ્યાને નહી લઈ ખરબો રૂપીયાની જમીનો લઘુમતી કોમના આગળ પડતા ઈસમો દ્વારા તમામ દેવસ્થાન રામજી મંદિરની જમીનો રફેદફે કરી નાખેલ છે. હિન્દુ સમાજની લાગણીઓ દુભાય ના અને હિન્દુ ધર્માદા વાળી મિલ્કતો બાબતે તાત્કાલીક પંચમહાલ જીલ્લા કલેકટર અને મેજીસ્ટ્રેટ ગોધરા દ્વારા જે પોપટપુરાની ધર્માદા મિલ્કતો શ્રી સરકાર ગોધરા પ્રાંત ગોધરા દ્વારા અચોકકસ મુદ્દતમાં ઝડપી કાર્યવાહી કરી શ્રી સરકાર કરેલ છે. તેવી હિન્દુ સમાજની ચિખોદ્રાની નોંધ નંબર-૨, ૧૨૨૧, ગુંઠા-૧૫ વાળી જમીન તાત્કાલીક ટીમ નીમી તમામ મિલ્કતો શ્રી સરકાર ગામની જમીનોની નોંધ નંબર-૨ એન.એ.માં કરેલ ફાઈલોમાં મુકાઈ તેવી પણ હિન્દુ સમાજની માંગો છે. નોંધ નંબર-૨ સુધારા હુકમોના આધારે રામજી મંદિરની વિગતો ધ્યાને લેવાય તેવી પણ નોટીસોની તથા તપાસણીની પણ માંગણીઓ છે. આમ, જીલ્લા સબ રજીસ્ટ્ર દસ્તાવેજો કરતા પહેલા નોંધ નંબર-૨ની વિગતો ઈ-ધરા ગોધરા મામલતદાર પાસેથી મેળવી લેવી અને ચિખોદ્રા ગામ રામજી મંદિરની જમીનોમાં નોંધ નંબર-૨ જોયા વગર અને લાંબા ગાળે લાંચો લઈ દાનની મિલ્કતો હડપ કરી કરાવનારની કેવી હાલ તો થશે તે તમારા ખોટા કર્મોનો અહેસાસ એક દિવસ જરૂર થશે તે જયારે તમારી ધર્માદા દાનની મિલ્કતોમાં બચાવવાના બદલે ખોરી ખોપરા જેવી દાનતો લઈ રાજ્ય સરકાર તમને સેવા કરવા બેસાડેલા છે. તેમ છતાં લાંચ રૂશ્વતો લઈ હિન્દુ સમાજની મિલ્કતો બચાવવાન બદલે તમારા સ્વાર્થ માટે લઘુમતી કોમ સાથે મળેલા છે. આ બાબતની જાણ હવે પછી ગુ.રા.સ.મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને કાયદા મંત્રી અને મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી તરફ ફરીયાદના કરવી પડે તેની ગંભીર પ્રકાર સાથે તસ્દી લેશો અને રામજી મંદિરની તમામ જમીનો શ્રી સરકાર કરી કરાવી રામજી મંદિરના નામે જરૂરી હુકમો કરાવવા આ બાબતે નાના કાંટડીના હિન્દુ આદિવાસીઓના અસામાજીક તત્વો દ્વારા ખરા ખોટા હુકમો અંગે પણ તપાસ કરી હિન્દુ આદિવાસીઓને જમીનો પરત મળે તેવી માંગો ઉઠવામાં આવેલ છે.

## આપની આજ.......

મેષ (અ,લ,ઈ) : નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

વૃષભ (બ,વ,ઉ) : વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

મીથુન (ક,છ,ઘ) : આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

કર્ક (ડ,હ) : વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઈ શકે છે.

સિંહ (મ,ટ) : પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

કન્યા (પ,ઠ,ણ) : વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

તુલા (ર,ત) : સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

વૃશ્ચિક (ન,ય) : જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

ધન (ભ,ધ,ફ) : વ્યાપારમાં નવા પ્રસ્તાવ મળશે.કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન મળશે. ઉદાર મનથી પરાક્રમ કરો, સફળતા મળવાની શકયતા.

મકર (ખ,જ) : અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઈ શકે છે.

કુંભ (ગ,શ,સ) : દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

મીન (દ,ચ,ઝ,થ) : વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

# દે.બારીયા તાલુકાના ચેનપુર ગામે ઘરમાં દીપડો ઘુસી જતા પરિવારના સભ્યોમાં અફરાં તફરી



દે.બારીયા,

પ્રાપ્ત વિગતો મુજબ દેવગઢ બારીયા તાલુકાના ચેનપુર ગામ ખાતે રહેતા શના વીરસીંગ પટેલના ઘરે ગઈકાલ રાત્રીના સમયે કુતરાનો શિકાર કરવા માટે પાછળ પડેલા દીપડા એ કુતરા ની પાછળ રહેણાંક ઘરે ઘુસી ગયો હતો. દેવગઢ બારીયા તાલુકાના મોટાભાગના ગામડા જંગલ વિસ્તારની નજીક આવેલા છે અને આ વિસ્તારમાં દીપડા જેવા હિંસક પ્રાણીઓ ક્યારેક ક્યારેક માનવ વસ્તીમાં હુમલો કરી ઘાયલ કરવાના બનાવો બનતા રહેતા હોય છે.

દેવગઢ બારીયામાં આવેલ ડુંગર વિસ્તારમાં હવે કોઈ મોટી ઝાડીઓ રહી નથી અને જેને કારણે દીપડા જેવા પ્રાણીઓ પોતાના ખોરાક અને પાણીની શોધમાં ગ્રામ્ય માનવ વસ્તી સુધી આવી જતા હોય છે. ગઈકાલ પણ આવી રીતે દીપડો શિકાર માટે કુતરાની પાછળ પડતા કુતરો રહેણાંક ઘરના અર્ધ ખુલ્લા દરવાજામાં આવીને ભરાઈ ગયો હતો. જેની પાછળ દીપડો પણ ઘરમાં ભરાઈ ગયો હતો. દીપડો ઘરમાં ઘુસી ગયો હોવાની ખબર પડતા ઘરના સભ્યોના જીવ તાળવે બંધાયા હતા. આસપાસના લોકોને દીપડો ભરાયો હોવાની ખબર પડતા લોકોના લોકટોળા ઉમટી પડ્યા હતા. આ અંગે વન વિભાગ દેવગઢ બારીયાને જાણ કરતા એસીએફ આર.એમ.પુરોહિત પોતાના સ્ટાફ સાથે દોડી આવ્યા હતા. દીપડાનું રેસ્કયુ કરવું અઘરું હોય છતાંપણ દીપડાને દિવસ દરમ્યાન સાવચેતી પૂર્વક ઘરમાંથી બહાર કાઢ્યો હતો.

# દાહોદ જિલ્લામાં નવા ૧૯૫ વિદ્યા સહાયકોની નિમણુંક કરાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજ રોજ નવા ૧૯૫ વિદ્યાસહાયકોને નિમણુંક પત્ર એનાયત માટેનો કાર્યક્રમ બીઆરસી ભવન, મુવાલીયા ખાતે યોજાયો હતો. નવા ઉપસ્થિત થનારા વિદ્યા સહાયકોને મહાનુભાવોએ શુભેચ્છાઓ આપી હતી. તેમજ વિદ્યા સહાયકોએ પોતાની સ્થળ પસંદગી પણ કરી હતી.

જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન પ્રફુલ્લભાઈ ડામોરે વિદ્યા સહાયકોને શુભેચ્છાઓ આપતા જણાવ્યું હતું કે, આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે આજે ઉપસ્થિત થયેલા દરેક વિદ્યાસહાયક ૭૫ વૃક્ષો વાવે અને તેનું જતન કરવાનો સંકલ્પ લે. તેમજ વિદ્યાસહાયકોએ ૭૫ વૃક્ષ વાવવાના શપથ પણ આ પ્રસંગે લીધા હતા.

તેમણે એમ પણ જણાવ્યું કે, આજના ગુરુપૂર્ણિમાના દિવસે તમને નિમણુંક પત્ર મળ્યા છે ત્યારે એક સાચા ગુરૂજીની ભૂમિકા તમને અદા કરવાની છે. વિદ્યાર્થીઓના ઘડતરમાં શિક્ષકોની ભૂમિકા મહત્વની હોય છે. વિદ્યાર્થીઓના કારકિર્દી ઘડતર સાથે તેઓ તેમના જીવનને પણ દિશા આપે છે. શિક્ષક તરીકે તમે એક ઉમદા વિદ્યાર્થીના ઘડતર સાથે આગળ વધવાનું છે તેમ તેમણે ઉમેર્યું હતું.

આજ રોજ રાજ્યભરમાંથી દરેક જિલ્લામાં વિદ્યાસહાયકોની ભરતી કરવામાં આવી છે. ત્યારે દાહોદ જિલ્લામાં વિદ્યાસહાયકોને આજે નિમણુંક પત્ર અપાયા હતા. વિદ્યાસહાયક ભરતીમાં ઉંચુ મેરીટ લાવનાર વિદ્યાસહાયકોનું બહુમાન પણ કરાયું હતું. નવી નિમણુંક પામેલા વિદ્યાસહાયકોને કુમકુમ તિલક અને મોંઢું મીઠું કરાવીને નિમણુંક્ના પ્રથમ દિને સ્વાગત કરાયું હતું.

આ વેળા જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મયુરભાઈ પારેખ, જિલ્લા પ્રાથમિક શૈક્ષિક સંઘના પ્રમુખ બળવંતભાઈ ડાંગર, જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના પ્રમુખ સરતનભાઈ કટારા ઉપસ્થિત રહ્યાં હતા.

# દાહોદ શહેર સહિત જિલ્લામાં ગુરૂ પુર્ણિમાની ધામધુમ પૂર્વક તેમજ ધાર્મિક રીતે ઉજવણી



દાહોદ,

ગુરૂ પુર્ણિમાના પાવન અવસરે દાહોદ શહેર સહિત જિલ્લામાં શાળા સંકુલ, સામાજીક સંસ્થા, શૈક્ષણિક આલમ સહિત વિવિધ માધ્યમોમાં ગુરૂ પુર્ણિમાની ધાર્મિક રીતે તેમજ હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. શાળા સંકુલોમાં વિદ્યાર્થીઓએ પોતાના આચાર્ય તેમજ શિક્ષકોના આર્શિવાલ લઈ શૈક્ષણિક કાર્ય શરૂ કર્યું હતું. આ ઉપરાંત શાળા સંકુલમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. સામાજીક સંસ્થાઓમાં પણ ગુરૂ પુર્ણિમાની વિશેષ રૂપે ઉજવણી કરવામાં આવી હતી. ગુરૂ પુર્ણિમાના પાવન અવસરે દાહોદ શહેર સહિત જિલ્લામાં વહેલી સવારથી જ મંદિરોમાં ભારે ભીડ જોવા મળી હતી. મંદિરોમાં વિવિધ ધાર્મિક આયોજન પણ કરવામાં આવ્યું હતું.



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા રંગ પરિવાર દ્વારા ગુરૂ પૂર્ણિમા ઉત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વહેલી સવારે પાંચ કલાકે પ્રભાત ફેરી ત્યારબાદ પાદુકા પૂજન દત્ત બાવની ધૂન રંગ અડતાલીસાના પાઠ અને આરતી બાદ મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં ગરબાડા ગાંગરડી સહિત દાહોદના રંગ ભક્તો જોડાયા હતા.

# નવજીવન સાયન્સ કોલેજ, દાહોદના વિદ્યાર્થી સંઘ દ્વારા ગુરૂ પૂર્ણિમા ઉત્સવનો કાર્યક્રમ યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તા.૧૩.૦૭.૨૦૨૨ને બુધવારના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ દ્વારા વિદ્યાર્થીઓ માટે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગુરૂ પૂર્ણિમા ઉત્સવ અને ઓરીએન્ટેસન પ્રોગ્રામ યોજવામાં આવ્યો. ચાલુ શૈક્ષણિક વર્ષે નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ નો ૧૯૭૩ થી ૨૦૨૩, ૫૦માં વર્ષમાં પ્રવેશ કરેલ છે. આ કાર્યક્રમમાં ૨૫૦ થી વધુ વિદ્યાર્થીઓ અને ૪૦ થી વધુ સ્ટાફ સભ્યોએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત હતાં. ગુરૂ પૂર્ણિમા ના કાર્યક્રમનાં મુખ્ય મહેમાન તરીકે કોલેજના જ ભૂતપૂર્વ વિદ્યાર્થી અને શિક્ષક હીતેન્દ્ર રાણો ખુબ જ પ્રેરણા સભર વાત કરીને વિદ્યાર્થીઓ માં અનેરા ઉત્સાહનો સંચાર કરેલ હતો. નવા વર્ષમાં પ્રવેશ લીધેલ વિદ્યાર્થીઓને કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદીએ કોલેજ તેમજ સંસ્થાની માહિતી આપેલ હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન કોલેજના કાર્યકારી આચાર્ય .ડો.ગૌરાંગ ખરાદી ના માર્ગદર્શન હેઠળ કોલેજના વિદ્યાર્થી સંઘના ઉપપ્રમુખઓ ડૉ. એચ.આર.ડાભી, ડૉ. વિપુલ ચૌહાણ અને ડૉ. રૂચિતા પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# દાહોદ તાલુકાના રોઝમ ગામના બસ સ્ટેન્ડ નજીક ફોર વહીલર અને મોટર સાઈકલ વચ્ચે સર્જાયો ગમખવાર અકસ્માત



દાહોદ,

દાહોદ તાલુકના રોઝમ ગામના ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે ઉપર પેસેન્જર ક્રુઝર ગાડી અને અપાચી મોટર સાઈકલ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં મોટરસાઈકલ ચાલક ૨૫ વર્ષીય યુવકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. મોટર સાઈકલ ચાલક ગરબાડા તાલુકાના ભીલવા ગામનો રહેવાસી છે અને પોતાના કબ્જાની મોટરસાઈકલ લઈને રોઝમ ગામે કઈ કામ અર્થે જતો હતો. તે સમયે આગળ ચાલતી ક્રુઝર ગાડીની પાછળના ભાગે ધડાકા ભેર અથડાતા મોટર સાઈકલ સાઈકલ ચાલક જમીન પર પડકાંતા મોટરસાઈકલ ચાલકને શરીરે હાથ પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળ ઉપરજમોટરસાઈકલ ચાલકનું મોત નીપજ્યું હતું. જયારે ક્રુઝર ગાડીનો ચાલક ઘટના સ્થળેથી ફરાર થયો હતો. અકસ્માતની જાણ દાહોદ તાલુકા પોલીસને થતા તાલુકા પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી અને મરણ જનરની ડેડબોડીને નગર પાલિકાની ડેડબોડી વાહનમાં દાહોદના સરકારી હોસ્પિટલ લઈ જવાયા હતા અને હાઈવે ઓથોરિટીની એમ્બ્યુલન્સ અને વાન ગાડી પણ ઘટના સ્થળે આવી પહોંચ્યા હતા અને અકસ્માત વાળા રોડને કિલયર કરી રોકાયેલા ટ્રાફિકને ફરીથી ચાલુ કરવામાં આવ્યો હતો. સમગ્ર મામલે પોલીસે ગુનો દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદમાં બંધ મકાનનું તાળું તોડી ૧.૩૦ લાખની મત્તાની ચોરી કરતાં તસ્કરો

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં એક બંધ મકાનમાં અજાણ્યા તસ્કરોએ પોતાનો કસબ અજમાવી મકાનમાંથી સોના ચાંદી ચાંદીના તેમજ રોકડા રૂપીયા વિગેરે મળી કુલ રૂા. ૧,૮૭,૦૦૦ની મત્તાની ચોરી કરી તસ્કરો નાસી જતાં પંથકમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગત તા.૧૧મી જુલાઈના રોજ ઝાલોદ નગરમાં આવેલ સીયોન નગર સોસાયટીમાં રહેતાં સ.ત. શિલ્વાસન ઓનીસીમસભાઈ ચરપોટના બંધ મકાનને અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મકાનના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને મકાનમાં મુકી રાખેલ તીજોરી અને કબાટો તોડી અંદર મુકી રાખેલ સોના ચાંદીના દાગીના અને રોકડા રૂપીયા મળી કુલ રૂા. ૧,૮૭,૦૦૦ની ચોરી કરી અજાણ્યા ચોર ઈસમો નાસી જતાં આ સંબંધે સ.ત. શિલ્વાસન ઓનીસીમસભાઈ ચરપોટે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સંજેલીમાં વરસાદને લઈ ઋતુજન્ય રોગચાળાનો ભરડો

સંજેલી,

સંજેલી તાલુકામાં ધોધમાર વરસાદ ખાબકતા મોટાભાગના વિસ્તારોમાં પાણી ભરાતા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકનગુણીયા, જેવા મચ્છરજન્ય રોગચાળો ફાટી નીકળે તે પહેલા આરોગ્ય તંત્ર દ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઈ હતી. તાવ, શરદી, ખાંસીના ૬ દર્દીઓ મળી આવ્યા હતા.

સંજેલી તાલુકા આરોગ્ય અધિકારી ડોકટર હિતેશ ચારેલના માર્ગદર્શન હેઠળ સરકારી આરોગ્ય અધિકારી ડોકટર રાહુલ સિંચવ સુપરવાઈઝર એસ.સી.સંગાડા દ્વારા સંજેલી તાલુકાની આરોગ્ય વિભાગના તમામ કર્મચારીઓની ૨૨ જેટલી ટીમો બનાવી હતી. સંજેલી નગરમાં વિવિધ વિસ્તારોમાં ચોમાસાની સીઝનમાં પ્રથમ મુશળધાર વરસાદ પડતા પાણીનો ભરાવો થયો હતો. પાણી જન્ય રોગો જેવા કે, ડેન્ગ્યુ, મેલેરીયા, ચિકનગુણીયા, જેવા ગંભીર રોગો ફેલાય નહિ તે માટે આરોગ્ય વિભાગની ટીમ દ્વારા સંજેલી નગરમાં વિવિધ વિસ્તારોમાં ફરી અને ૧૧૩૪ જેટલા મકાનોમાં સર્વેની કામગીરી હાથ ધરી હતી. ૪૦ જેટલા મકાનોમાંથી પોરા મળી આવ્યા હતા. જેમાં તાવ, માથા, શરદી, ખાંસીના ૬ જેટલા દર્દીઓ મળી આવતા તેમને સારવાર કરી અને લોહીના સેમ્પલ લેવામાં આવ્યા હતા અને સાથે પાંચ લાખના આયુષ્માન ભારત કાર્ડ વિશે પણ આરોગ્યની ટીમ દ્વારા ઘરે ઘરે જઈ માહિતી આપવામાં આવી હતી.

# ઝાલોદના ચાકલીયા ગામે જમીન બાબતે બે ભાઈ વચ્ચે તકરારમાં મારામારી

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ચાકલીયા ગામે જમીન સંબંધી થયેલ ઝઘડામાં બે સગાભાઈઓમાં થયેલ ઝઘડામાં એક સગાભાઈએ પોતાના ભાઈ ભાભીને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૦૮મી જુલાઈના રોજ ચાકલીયા ગામે મોટી મહુડી ફળિયામાં રહેતાં સિક્કાભાઈ હવસિંગભાઈ કલારા અને તેમની પત્નિ જેલાબેન સિક્કાભાઈ કલારા બંન્ને જણા તેમના ખેતરમાં મકાઈનું વાવેતર કરતાં હતાં અને તેમના બળદ તેમના ગામમાં રહેતાં પોતાના સગાભાઈ રૂપાભાઈ હવસિંગભાઈ કલારાના જમીનમાં ચલાવતાં હોઈ રૂપાભાઈએ સિક્કાભાઈને કહેલ કે, તમને આપણી હદ પાળીનો પથ્થર જોવાતો નથી તો તમો મારી મારા ભાગની જમીનમાં બળદ ચલાવો છો, તેમ કહેતાં સિક્કાભાઈ તથા તેમની પત્નિ જેલાબેન એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પોતાની સાથે લાકડીઓ લઈ આવી લાકડી વડે લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી રૂપાભાઈ તથા જેમાબેનને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત રૂપાભાઈ હવસિંગભાઈ કલારાએ ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગરબાડા તાલુકાના પાટિયા ઝોલ પુલ નજીક ટ્રક ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા ટ્રક રોડની સાઈડમાં પલટી મારી



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

પ્રાપ્ત માહિતી અનુસાર ગરબાડા તાલુકાના પાટીયા ઝોલના પુલ નજીક એક ટ્રક ચાલક ચુનો ભરીને મધ્યપ્રદેશ થી દાહોદ તરફ આવી રહ્યો હતો. તે દરમિયાન અચાનક જ સ્ટેરીંગ લોક થતા ટ્રક ચાલકે સ્ટેરિંગ પોતે કાબુ ગુમાવ્યો હતો અને ટ્રક રોડની સાઈડમાં પલટી મારી ગઈ હતી. સદ્દનસીબે ડ્રાઈવરનો આબાદ બચાવ થયો હતો અને આ અકસ્માતમાં કોઈને જાનહાની થઈ ન હતી. ટ્રક પલટી માર્યાની જાણ થતાં જ ગરબાડા પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગરબાડા પાટાડુંગરી નહેરની પાસે વળાંકમાં ટેમ્પો અને બાઈક વચ્ચે અકસ્માતમાં બાઈક ચાલકનુ મોત

ગરબાડા,

ગરબાડા તાલકાના પાટાડુંગરી ગામનો બામણીયા જીગ્નેશભાઈ દિપસીંગભાઈ પોતાની બાઈક લઈને દાહોદ તરફ છુટક મજુરી અર્થે જતો હતો ત્યારે પાટાડુંગરી ડેમની પાસે વળાંક અને ઢાળવાળા રસ્તામાં સામેથી હેન્ડપંપ રિપેરીંગનો સામાન ભરેલ એક ૪૦૭ ટેમ્પાના ચાલકે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવતા બાઈક ચાલકને અડફેટમાં લીધો હતો. બાઈક અને ટેમ્પો બંને રેલીંગ તોડી રોડની પાસે ખાડામાં ઉતરી ગયા હતા. જેમાં બાઈક ઉપર ટેમ્પો ચડી જતા બાઈક ચાલકનુ ઘટના સ્થળે મોત નીપજ્યું હતુ. અકસ્માત સર્જયા બાદ ટેમ્પા ચાલક ફરાર થઈ ગયો હતો. ઘટનાની વાત વાયુવેગે પ્રસરતા સ્થાનિક પોલીસ તાત્કાલિક અસરથી ઘટના સ્થળે દોડી આવી હતી અને જેસીબી દ્વારા ટેમ્પાને બહાર કાઢવાની કાર્યવાહી કરવામાં આવી હતી અકસ્માત બાદ ટેમ્પામાં અચાનક આગ પણ લાગી હતી જેથી તાત્કાલિક અસરથી ફાયરની ટીમ પણ ઘટના સ્થળે આવી પહોંચી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. અને પોલીસે મરણ જનારના મૃતદેહને ગરબાડા સરકારી દવાખાને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. ઘટના સંદર્ભે ગરબાડા પોલીસે ટેમ્પો ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

# પીપલોદથી રણધિકપુરના રસ્તા પર ઝાડ પડતા વાહન વ્યવહાર અટવાયો

સીંગવડ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકામાં પડેલા મુશળધાર વરસાદને પગલે ગ્રામ્ય વિસ્તારોમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા.

સીંગવડ તાલુકાના પીપલોદથી રણધિકપુર, સંજેલીના રસ્તા પર વૃક્ષ પડતા રસ્તા બંધ થયા હતા. જયારે પીપલોદથી પસાર થતાં પસાયતા ગામ નજીક રસ્તા ઉપર તેમજ સીંગવડ રેફરલ હોસ્પિટલ પાસે રસ્તા ઉપર તોતિંગ વૃક્ષ જમીનદોસ્ત થઈ જતાં પીપલોદથી રણધિકપુર સુધીનો રસ્તો બંધ થયો હતો. જેના કારણે વાહનચાલકોને દાસા ફરીને જવાનો વારો આવ્યો હતો. મોડી રાતે વનવિભાગ વિસ્તરણ રેન્જ લીમખેડા દ્વારા વૃક્ષોનુ કટિંગ કરી રસ્તો ચાલુ કરાયો હતો.

# મોરવા(હ)ના રસુલપુર ગામે વીજળી પડવાથી ૬૨ વર્ષિય વૃદ્ધનુ મોત

શહેરા,

મોરવા(હ)તાલુકાના ચોપડાબુઝર્ગ ગામે વરસાદને કારણે એક મકાનની દિવાલ ધરાશાઈ થઈ જયારે તાલુકાના રસુલપુર ગામે વીજળી પડવાને કારણે ૬૨ વર્ષિય વૃદ્ધનુ મોત નીપજ્યું હતુ. પંચમહાલ જિલ્લા સહિત રાજયના કેટલાંક વિસ્તારોમાં અનાધાર વરસાદ વરસવાને લઈ રસુલપુર ગામે આવેલા બચણીયા ફળિયામાં રહેતા ૬૨ વર્ષના સોમાભાઈ મનસુખભાઈ પટેલ ખેતરમાં ખેડાણ કરાવવા માટે ગયા હતા. અને ત્યાંથી પરત ઘરે જઈ રહ્યા હતા તેઓની ઉપર અચાનક આકાશી વીજળી પડતાં તેઓનુ ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતુ. જેની જાણ પરિવારજનોને તથા પોલીસને થતાં બનાવ સ્થળે દોડી આવ્યા હતા. તેઓના મૃતદેહને મોરવા(હ)ખાતે પોસ્ટમોર્ટમ માટે મોકલી અપાયો હતો. આ બંને બનાવની જાણ જે તે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીને થતાં તેમણે તાત્કાલિક બનાવ સ્થળે પહોંચી જરૂરી કાગળો કરી મકાનને થયેલા નુકસાન અને મૃતકના પરિવારને સહાય મળે તે માટે તાલુકા પંચાયત કચેરીએ કાગળો મોકલી આપ્યા હતા. મોરવા(હ)તાલુકાના ચોપડાબુઝર્ગ ગામે આવેલા અનુપભાઈ કાળુભાઈ બારીયાના કાચા મકાનની દિવાલ વરસાદને કારણે ધરાશાઈ થતાં મકાન ઉપર રહેલ નળિયાની છત પણ પડી ગઈ હતી. જેથી મકાન માલિકને નુકસાન પહોંચ્યુ હતુ. આ બનાવમાં કોઈ જાનહાનિ થવા પામી ન હતી.

# ગોધરાના ચંચેલાવ નજીક ટોઈંગ કરેલ કારને દોરડું તુટતા રાહદારીને ઈજા

ગોધરા,

દાહોદ રેલ્વે ટેલિકોમમાં હેલ્પર તરીકે ફરજ બજાવતા જીતસિંહ બારીયા તથા તેઓની સાથેના અન્ય વ્યકિતઓ ગત ૮ તારીખે ચંચેલાવ રેલ્વે સ્ટેશન ખાતે કામ પતાવીને વે–વેઈટ હોટેલ પાસેથી ચાલતા ચાલતા પસાર થઈ રહ્યા હતા તે વેળાએ રોંગ સાઈડ રોડ પરથી એક ઈકો ચાલક અન્ય ખોટકાઈ ગયેલી અન્ય ઈકો કાર ટોઈંગ કરીને દોરડા વડે બાંધીને લઈ જઈ રહ્યો હતો તે વેળાએ ઈકો કાર પુરઝડપે હંકારતા પાછળ બાંધેલી ઈકો કારનુ દોરડું તુટી ગયુ હતુ. જેને લઈને પાછળ બાંધેલી ઈકો કારની રોડ પર જઈ રહેલા રાહદારી વ્યકિતઓ ટક્કર લાગી હતી. જેમાં જીતસિંહ બારીયા સહિત અન્ય વ્યકિતઓને ટક્કર વાગતા તેઓને ઈજાઓ પહોંચી હતી. બીજી તરફ સમગ્ર બનાવને લઈને ગોધરા તાલુકા પોલીસ મથકે ઈકો કારના ચાલક સામે કારના નંબરના આધારે ફરિયાદ નોંધાવવા પામી હતી.

# હાલોલ એમ.જી.મોટર્સ દ્વારા શહેરા ખાતે ભરતી મેળાનુ આયોજન કરાયુ

ગોધરા,

ગુજરાત સરકારની ઉદીશા યોજના અંતર્ગત ગોધરાની શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની શ્રી ગોવિંદ ગુરૂ ટ્રાયબલ ચેર સમિતિ અને શહેરાની સરકારી વિનયન કોલેજના સંયુકત ઉપક્રમે શહેરા કોલેજમાં ધો–૧૨ પાસ અને કોલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે હાલોલની એમ.જી.મોટર્સ કંપની દ્વારા ભરતી મેળાનુ આયોજન કરાયુ હતુ. આ ભરતીમેળામાં કંપનીએ અંદાજિત ૧૦૦ વિદ્યાર્થીનીઓને રોજગારીની તક આપી હતી. ભરતી મેળાનુ આયોજન કોલેજના આચાર્ય ડો.વિપુલ ભાવસાર દ્વારા કરાયુ હતુ.

# દાહોદ જિલ્લામાં પશુઓના આકસ્મિક મૃત્યુ માટે રાજ્ય સરકારની સહાય મળશે

દાહોદ,

સમગ્ર રાજયમાં હાલ અતિવૃષ્ટિની સ્થિતિ છે ત્યારે પશુપાલકો–ખેડૂતોના પશુઓનું આકસ્મિક મૃત્યુ થાય તો રાજ્ય સરકાર દ્વારા સહાય મળે છે. ત્યારે દાહોદ જિલ્લાના પશુપાલકો પોતાના પશુના આકસ્મિક મૃત્યુની સત્વરે જાણ ગ્રામ પંચાયતને અવશ્ય કરે. જેથી સરકારની સહાયનો લાભ મળી શકે. પશુઓનું વીજ ત્રાટકવાથી, અતિવૃષ્ટિમાં તણાવાથી, ભારે વરસાદથી દિવાલ ધસી પડવાથી મૃત્યુ પામે તો તુરંત ગામના તલાટી મંત્રીને જાણ કરવી. જેઓ ચોવીસ કલાકમાં પશુનું પોસ્ટમોર્ટમ કરાવશે. આ માટે જરૂરી ડોક્યુમેન્ટમાં માલિકનું આધારકાર્ડ, માલિકની બેન્ક પાસબુક, મૃત્ત પશુ સાથે માલિકનો ફોટો, પોસ્ટ મોર્ટમ રિપોર્ટની જરૂર રહેશે. આ યોજના અંતર્ગત ગાય–ભેંસ માટે મહત્તમ ૩ પશુ માટે રૂ. ૪૦ હજારની સહાય મળવાપાત્ર છે. તેમજ ઘેટા બકરા માટે મહત્તમ ૩૦ ની સંખ્યામાં રૂ. ૩ હજાર સુધીની સહાય મળવાપાત્ર છે. પશુપાલકોએ એ વાતનું ખાસ ધ્યાન રાખવું કે જ્યા સુધી પશુ ડોક્ટર દ્વારા પોસ્ટ મોર્ટમ ન કરવામાં આવે ત્યાં સુધી મૃત્ત પશુઓની બોડીનો નિકાલ કરવો નહી એમ દાહોદનાં નાયબ પશુપાલન નિયામકએ જણાવ્યું છે.

# લીમખેડા તાલુકાની પરમારના ખાખરિયા પ્રાથમિક શાળામાં ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી



લીમખેડા,

લીમખેડા તાલુકાની પરમારના ખાખરિયા પ્રાથમિક શાળામાં તારીખ ૧૩/૦૭/૨૦૨૨ ના રોજ ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. જેમાં શાળાના શિક્ષકો અને બાળકોએ ગુરૂ પૂર્ણિમાના મહત્વ અને મહીમા વિશે ખુબ જ સરસ માહિતી આપી હતી. શાળાના મુખ્ય શિક્ષિકા કામીનાબેન પટેલ દ્વારા બાળકોને ગુરૂનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સમગ્ર સંચાલક આ. શિક્ષક ધર્મેન્દ્રસિંહ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.273

# વેજલપુર ગામમાં સ્વચ્છતાની ગ્રાન્ટોની ઉચાપત જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર અને

# સ્વચ્છતાની ગ્રાન્ટોની તપાસની માંગ તપાસ નહિ થાય તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયતમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન યોજના હેઠળ અગાઉ રૂા. ૬,૪૫,૦૦૦/– અને ત્યાર બાદ રૂા. ૨,૮૭,૮૮૦/– ઉચાપત થયાની તાલુકા પંચાયત સભ્ય અને ગ્રામજનોનો આક્ષેપ જેને લઈ તાલુકા પંચાયત સભ્ય સલીમભાઈ કડિયા અને ગામના જાગૃત રહીશો દ્વારા જિલ્લા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું અને જણાવેલ કે, અગાઉની સ્વચ્છતાની ગ્રાન્ટોમાં ઉચાપત થયેલ છે અને હાલ તાજેતરમાં મહાત્મા ગાંધી સ્વચ્છતાની ગ્રાન્ટ ૧,૯૧,૯૨૦/– આવેલ છે. જેથી એ ગ્રાન્ટ માંથી વેજલપુર ગામની મધ્યમમાં આવેલ રૂપારેલ નદીની સફાઈ કરવામાં આવે અને તાલુકા પંચાયત કચેરીની દેખરેખ હેઠળ અથવા તા.૧૩/૬/૨૦૨૨ના હુકમ જા.નં.તા.પંચાયત વશી ૧૦૭૨–૧૧૪૩ ની શરત નં. ૧૪ મુજબ સ્વસહાય જૂથ વિવેકાનંદ યુવક મંડળ અથવા સખી મંડળ દ્વારા આઉટસોર્સ થી સફાઈ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે અને અગાઉની ગ્રાન્ટોની તપાસની માંગ કરવામાં આવી છે. વેજલપુર ગામની રૂપારેલ નદીની સફાઈ કરવામાં નહિ આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. કારણ કે, વેજલપુર ગામની રૂપા રેલ નદીની ભયંકર ગંદકીને લઈ ગ્રામજનો હેરાન પરેશાન થઈ ગયા છે અને દેશ આઝાદ થયાને વર્ષો વીતી ગયા હજુ સુધી રૂપારેલ નદી ઉપર એક પણ ઉંચો બ્રિજ આજદિન સુધી બનાવવામાં આવેલ નથી. જેથી રૂપારેલ નદી ઉપર ઉંચા બ્રિજ બનાવવાની માંગ કરવામાં આવી છે. જેથી ગ્રામજનોને પડતી


તસ્વીર : નુર બાલા, વેજલપુર

મુશ્કેલીઓ અને બાળકોને ચોમાસાની ઋતુમાં ભયંકર ગંદકી માંથી પ્રસાર થવું પડે છે, જેથી તાલુકા પંચાયતના સભ્ય સલીમભાઈ કડિયાને સાથે રાખી ગ્રામજનોએ તાલુકા પંચાયતના સભ્ય લેટરપેડ ઉપર જિલ્લા વિકાસ અધિકારીને વિગતવાર સાથે લેખિતમાં આવેદનપત્ર પાઠવ્યું અને સાથે સ્વચ્છતાની કુલ કેટલી ગ્રાન્ટ આવી છે અને કઈ શરતને આધીન ગ્રાન્ટ વાપરવાની છે, તે પણ શરતોની કોપી આપીને રજુઆત કરી છે અને અગાઉની ગ્રાન્ટો શરતોને આધીન વાપરી છે. તેની પણ તપાસની માંગ કરી છે.

- વેજલપુર ગ્રામ પંચાયત ભ્રષ્ટાચારના ભરડામાં અનેક વખત ભ્રષ્ટાચારના આરોપ તેમ છતાં ઉપલા અધિકારીઓને કોણ લગાવે છે... લગામ તે તપાસનો વિષય...?
- વેજલપુર ગ્રામ પંચાયત અનેક વખત ભ્રષ્ટાચાર આચરાયા છે, તેમ છતાં કોઈ તપાસ નહિ આવા ભ્રષ્ટાચારીઓને કોના આશીર્વાદ કેમ થતી નથી તપાસ.
- વેજલપુર ગ્રામ પંચાયતના ભ્રષ્ટાચારની તપાસ આવે તે પહેલાં કોણ રોકે છે અને આવા ભ્રષ્ટાચારીઓને કોણ છાવરે છે. તે તપાસનો વિષય.
- વેજલપુર ગ્રામ પંચાયતની ભ્રષ્ટાચારની તપાસ કોઈ ઈમાનદાર અધિકારી પોતાની જવાબદારી સમજી રાજકીયઓની બાનમાં આવ્યા વગર તપાસ કરશે ખરા...?
- વેજલપુર ગ્રામ પંચાયતની ભ્રષ્ટાચારની તપાસ ખુબજ જરૂરી. કોણ કરેછે, વહીવટ અને કોણ કરે છે રાજ...

પ્રાપ્ત વિગતો મુજબ સરકાર દ્વારા ગામની વસ્તી મુજબ દરેક ગ્રામ પંચાયતને મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન યોજના હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તેમ છતાં વેજલપુર ગ્રામ પંચાયત સરપંચ અને જવાબદાર તલાટી જાડી ચામડીના બની બેઠેલા પોતાના ખિસ્સા ભરે છે. જેના કારણે વેજલપુર ગ્રામજનોને ભયંકર ગંદકીનો સામનો કરવો પડે છે. ભયંકર ગંદકીને લઈ થોડા દિવસો પહેલા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું છતાં કોઈ પરિણામ નહિ ગ્રામજનોના જણાવ્યા મુજબ અનેક વખત આવેદનપત્ર આપ્યું હોવા છતા વેજલપુર ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી ક્મ મંત્રીનું પેટનું પાણી હાલતું નથી. જેથી તાલુકા પંચાયતના સભ્ય સલીમભાઈ કઠિયા અને ગ્રામજનોએ જિલ્લા વિકાસ અધિકારીને વિગતવાર સહિત આવેદનપત્ર પાઠવ્યું. જેથી હવે જોવાનુંએ રહયું કે, જિલ્લા વિકાસ અધિકારી તપાસના આદેશ આપી તમામ ગ્રાન્ટોની તપાસ કરાવશે ખરાં કે પછી રાજકીયઓની બાનમાં આવી દેખાવ પૂરતી કાગળ ઉપર કામગીરી સમેટી દેવામાં આવશે તે જોવું રહયું.

## પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના નાથકુવા ખાતે કલેકટરની અધ્યક્ષતામાં રાત્રી ગ્રામસભા યોજાઇ

ગોધરા,

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના નાથકુવા ખાતે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં રાત્રિ સભા યોજાઈ. રાત્રી ગ્રામસભામાં ઉત્સાહભેર લોકો મોટી સંખ્યામાં જોડાયા અને યોજનાકીય બાબતો અને પ્રશ્નો અંગે રજૂઆત કરાઈ હતી. આ સાથે સ્થળ પર જ વિવિધ પ્રશ્નોનો ઉકેલ લાવવામાં આવ્યો હતો.



ગ્રામસભાએ સરકાર અને વહીવટી તંત્ર વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવે છે. લોકોના દ્વારે પ્રજાના પ્રશ્નો સાંભળવા અને મુશ્કેલીઓ દૂર કરવા રાત્રી અને દિવસીય ગ્રામસભાઓ યોજવામાં આવે છે. આ સભામાં જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, ગામના સરપંચ, પ્રાંત અધિકારી,મામલતદાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતા. આ તમામ અધિકારીઓએ તેમના વિભાગને લગતી યોજનાઓની માહિતી લોકોને આપી હતી. કલેક્ટર દ્વારા ગ્રામ લોકો સાથે સંવાદ સાધી પુરવઠા, પાણી, શિક્ષણ, રસ્તા, વૃદ્ધ પેન્શન વગેરે જેવા પ્રશ્નોનું સ્થળ ખાતે નિરાકરણ લાવવા સબંધિતોને સૂચનાઓ આપી હતી. આ સાથે સરકારની ચાલતી વિવિધ યોજનાઓ વિશે લોકોને માહિતગાર કર્યા હતા.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર એ ગ્રામજનોને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્ર–રાજ્ય સરકાર લોકોની સંતૃપ્તી અને માનવ સૂચકઆંક વધારવા માટે વિવિધ યોજનાઓ થકી ઘણા પ્રયત્નો કરે છે. પણ ક્યાંક જાગૃતતાના અભાવે પૂરતી માહિતી ન હોવાના કારણે યોજનાઓ લોકો સુધી પહોંચતી નથી કે લોકો તેનો પુરતો લાભ ઉઠાવી શકતા નથી. જ્યારે જ્યારે ગ્રામ્ય–તાલુકા–જિલ્લા લેવલનું વહીવટીતંત્ર આપના ગામે પહોંચે ત્યારે પહોંચેલા તંત્ર સુધી તમે લોકો પહોંચે જેથી કરીને પ્રજા કલ્યાણની યોજનાઓથી તમે વિમુખ ન રહો.

આ સાથે તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ છેવાડાના લોકો સુધી પહોંચે તે માટે જિલ્લા વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ રહીને લોકોની સુખાકારી હેતુ કામ કરી રહ્યું છે.

ગ્રામજનોએ જિલ્લા કલેક્ટર અને મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત રહેવા બદલ આનંદ સાથે આભાર માન્યો હતો.

## શહેરા સહિત જીલ્લામાં ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરાઈ

શહેરા,

શહેરા સહિત સમગ્ર જીલ્લાભરમાં ગુરૂપૂર્ણિમાની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. મહાલક્ષ્મી મંદિર ખાતે રંગ અવધૂત મહારાજના પાદુકા પૂજન સાથે પ્રસાદીનો લ્હાવો લીધો હતો. મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે બ્રહ્મલીન થયેલ અમરગીરીજી મહારાજના દર્શન કરી ભાવિક ભક્તો એ ધન્યતા અનુભવી હતી. તાલુકામાં ઠેર ઠેર ગુરૂવંદના આરતી, ભજન કીર્તન સહિતના કાર્યક્રમો યોજાયા હતા.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

ભારતીય સંસ્કુતિમાં તહેવારોને અનેરૂ મહત્વ છે. દરેક તહેવારની પાછળ કોઈ ને કોઈ મહત્વ છૂપાયેલુ હોય છે. જેમાં અષાઢ સુદને પૂનમના દિવસે ઉજવતા ગુરૂપૂર્ણિમાના તહેવાર પાછળ જીવનનું શિક્ષણ આપનાર ગુરૂ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી વંદન કરવાનો દિવસ છે. ત્યારે શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ગુરૂપૂર્ણિમાની આસ્થાભેર ઉજવણી કરવામાં આવી હતી. તાલુકાવાસીઓ પોતાના ગુરૂના આશીર્વાદ લેવા માટે સવારથી જ ત્યા પહોંચી ગયા હતા. પૂજા અર્ચન કરીને ગુરૂના આશીર્વાદ મેળવ્યા હતા. પૌરાણિક મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે બ્રહ્મલિન થયેલ અમરગીરીજી મહારાજના દર્શન કરવા માટે સ્થાનિક જીલ્લા સહિત બહાર થી પણ ભાવિક ભક્તો આવ્યા હતા. અહી આવેલા ભક્તોએ જનકગીરીજી મહારાજ અને શ્યામગીરીજી મહારાજની પણ પૂજા અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. જ્યારે નગરમાં વર્ષો પૌરાણિક રાજ રાજેશ્વરી માઁ મહાલક્ષ્મી મંદિર ખાતે રંગ અવધૂત મહારાજની પાદુકા પૂજન કરવામાં આવ્યું હતુ. આરતી અને ભજન કીર્તન સાથે મહા પ્રસાદીનો લ્હાવો ભાવિક ભક્તોએ લીધો હતો. મંદિર ખાતે આવેલ ભાવિક ભક્તો મહાલક્ષ્મી માતાજીના દર્શન કરી ધન્ય ધન્ય થયા હતા. તાલુકા સહિત જીલ્લાભરમાં ૧૦૦થી વધુ સ્થળે ગુરૂપૂર્ણિમાની ધામધૂમ પૂર્વક ઉજવણી કરાઈ હતી.


નારાયણધામ તાજપુરા ખાતે કોરોનાની મહામારી બાદ અષાઢ સુદ પૂનમને બુધવારના રોજ ભકિત પૂર્ણ માહોલમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી હર્ષ ઉલ્લાસ પૂર્વક કરવામાં આવી હતી.


ગાયત્રી મંદિર ગોધરા ખાતે ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. જેમાં મોટી સંખ્યામાં પરિજનોએ ભાગ લીધો અને યજ્ઞમાં આહુતી આપી.

## ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારમાં સીજનનો માત્ર ૩ ઈંચ વરસાદ વરસ્યો

નદીસર,

એક તરફ પંચમહાલ જિલ્લાના કેટલાક વિસ્તારોમાં અને રાજ્યના ઘણા ખરા વિસ્તારોમાં અનરાધાર વરસાદથી તારાજી સર્જાઈ છે. નદી નાળામાં પાણીની આવક થઈ છે. ત્યારે ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના ગામો નદીસર, કબીરપૂર, ખજૂરી, કાંકણપુર, રતનપુર, ટીંબા થી લઈ આખી પટ્ટીમાં અષાઢ માસ અડધો પૂર્ણ થવા છતાં માત્ર ત્રણ–ચાર ઈંચ વરસાદ જ પડ્યો છે.


તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ આખા રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં એક તરફ વરસાદ થી સર્વત્ર પાણી પાણી થઈગયું છે અને પંચમહાલ જિલ્લામાં ગોધરા શહેર અને આસપાસના વિસ્તારોમાં સારો એવો વરસાદ પડ્યો છે. ત્યારે અષાઢ માસ અડધો પૂર્ણ થવા છતાં ગોધરા તાલુકાના પશ્ચિમ વિસ્તારના ગામોમાં નદીસર, કાંકણપુર, ટીંબા, રતનપુર, ઘરી પંથક સહિત સમગ્ર પટ્ટીમાં અત્યાર સુધી માંડ ચાર–પાંચ ઈંચ વરસાદ થયો છે. વરસાદનો ધોરી માસ અડધો પૂર્ણ થવા છતાં હજુ સુધી પંથકમાં તળાવો કે કોતરોમાં નવા નીરની આવક થઈ નથી. ગત વર્ષ ના થોડા ઘણા પાણી હતા તે પણ એકાદ બે તળાવમાં રહ્યા છે, વરસાદ પડે છે પણ સામાન્ય છાંટા છૂટી કરીને બંધ થઈ જાય છે. આ તરફનો સૌથી મોટો અને આર્થિક આધાર સ્તંભ સમો ડાંગરના પાકની રોપણી લાયક વરસાદ હજુ સુધી પડ્યો નથી અને ડાંગરના ક્યારડા પાણી વગર ખાલી દેખાઈ છે. કૂવાના તળિયા પણ ઊંડા ઉતરી ગયા છે. સતત પાંચ–છ વર્ષ થી સરેરાશ વરસાદ આ વિસ્તારમાં ઓછો રહે છે અને ડાંગર રોપણી કેનાલ નજીકમાં શક્ય બને છે. જ્યારે અન્ય વિસ્તારો પડતર રહે છે. જ્યારે અન્ય પાકો માં કપાસ સહિતના પાકોનું વાવેતર થયું છે, પણ જો વરસાદની પરિસ્થિતિ આ મુજબ રહે તો પાણી વગર તેમાં પણ ભલીવાર આવે તેવું નથી. અત્યારે ખેડૂતો અવઢવમાં છે કે ક્યારી વિસ્તારમાં ડાંગર રોપણી કરવી કે પાછડ થી એરંડા કરવા કારણ કે અત્યારે વરસાદ નથી અને પાછળ થી વરસાદ વધુ પડે તો એરંડાને પણ નુકશાન થાય તેમ છે. આ વિસ્તારમાં પાણી માટે અગત્યનો સ્તોત્ર મહીસાગર નદી અને ગામ તળાવો છે. ત્યારે ગત વર્ષે પણ મહીસાગર નદી બે કાંઠે વહી નથી, તેમજ તળાવો પૂર્ણ ન ભરાવાના કારણે કૂવા, બોરના તળિયા પણ ઊંડા ઉતરી ગયા છે. જયારે કચ્છના ધરતી કંપ બાદ આ વિસ્તારમાં આમ, પણ પાણીના સ્તોત્ર ઊંડા ઊતર્યા છે. ખેડૂતોના જણાવ્યા મુજબ ખેતી ક્ષેત્રે આપવા આવતો વીજ પુરવઠો પણ છેલ્લા એક માસ થી નિયમિત મળતો નથી અને કાયમ લાઈન ફોલ્ટ ના પ્રશ્નો રહે છે. જો વીજ પુરવઠો સળંગ મળે તો ઓછું વત્તું પાણી કરીને પણ ડાંગરની રોપણી શક્ય બને તેમ છે. જ્યારે પાનમ સિંચાઇ યોજનામાં પણ પાણી હોય તો હાલ પૂરતી રોપણી માટે પાણી આપવા માંગ ઉઠી છે.

## પંચમહાલના ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના કર્મચારીઓનો પગાર અટવાયો

હાલોલ,

પંચમહાલ જિલ્લાની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓના કર્મચારીઓનો પગાર તા.૧૧ જુલાઈ સુધી થયો નથી. પગાર ન થવાને કારણે જિલ્લાના અનેક કર્મચારીઓના લોનના હપ્તા ડ્યુ થયા છે. તેના કારણે અનેક કર્મચારીઓને વગર વાંકે લોનમાં દંડ ભોગવવો પડ્યો છે. આ અંગે જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખે જણાવ્યુ કે, ટ્રેઝરી અધિકારીઓ દ્વારા ઈન્કમટેક્ષ કપાત બાબતે અટકાવેલ છે તેમ જણાવેલ છે. આ અંગે અનેકવાર ટ્રેઝરી અધિકારીની રૂબરૂ મુલાકાત લીધી અને આટલો મહિનો પગાર કરો, હવેના મહિનાથી જે ભુલ અથવા કપાત બાબતે કોઈ ક્ષતિ હોય તો તે દુર કરવાની ખાતરી આપી વિનંતી કરેલ છે છતાં પગાર કરેલ નથી. હજુ સુધી ડી.ઈ.ઓ.ઓફિસ દ્વારા હવેના માસના પગાર બાબતે કોઈ ક્ષતિ રહી ન જાય તેના માટે પરીપત્ર કરેલ નથી. તો માહિતી ક્યારે માંગશે અને ક્યારે એકઠી થશે એ એક મોટો સવાલ છે. જિલ્લાના કર્મચારીઓના પગારની કોઈ પડી નથી તેવુ લાગી રહ્યુ છે.

## ગોધરાના વ્હોરવાડ ઢાળ વિસ્તારમાં જાહેરમાં યુવાનને મારમારવાનો વિડીયો વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી



ગોધરા,

ગોધરા શહેરના વ્હોરવાડ ઢાળ વિસ્તારમાં કેટલાક ઈસમો દ્વારા એક વ્યક્તિને બેરહમી પૂર્વક લોખંડની પાઈપ અને ધોકા વડે મારમારવામાં આવ્યાનો વિડીયો વાયરલ થયો. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ૬ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવાની તજવીજ હાથ ધરી. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા વ્હોરવાડ ઢાળ પાસેથી પસાર થતાં યુવાનને ત્રણ ઈસમો દ્વારા ધોકા અને લોખંડની પાઈપ વડે મારમારતો હોવાનો વિડીયો વાયરલ થયો જાહેરમાં ત્રણ ઈસમો દ્વારા યુવાનને મારમારવાના બનાવો વિડીયો વાયરલ થતાં પોલીસ હરકતમાં આવી. યુવાન દ્વારા અગાઉ કરવામાં આવેલ પોલીસ ફરિયાદ પાછી ખેંચવા બાબતની અદાવત રાખીને મારમારવામાં આવ્યાની હકીકત સામે આવી છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ યુવાનને ગોધરા સિવિલમાં પ્રાથમિક સારવાર આપીને વધુ સારવાર માટે વડોદરા રીફર કરવામાં આવ્યો છે. જાહેરમાં મારામારીના બનાવ અંગે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે મારમારનાર ત્રણ ઈસમો સહિત છ ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## હાલોલના નાવરીયા ગામે ચેકડેમની પડઘી ઉપર પસાર થતાં ૫૦ વર્ષીય આધેડના પગ લપસી પાણીમાં તણાયો

હાલોલ,

હાલોલ તાલુકાના નાવરીયા ગામે ચેકડેમ પાસે ઢોરો ચરાવવા ગયેલ ૫૦ વર્ષીય આધેડ વ્યક્તિ ચેકડેમની પડઘી ઉપર થી પસાર થતાં પગ લપસી પાણીમાં તણાઈ ગુમ થયા. વિસ્તૃત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના નાવરીયા ગામે રહેતા દોલતસિંહ પ્રતાપસિંહ રાઠોડ ઉ.વ.૫૦ ગામમાં નાગેશ્વર મહાદેવ મંદિર પાસે આવેલ ચેકડેમની સામેની સાઈડે ઢોરો ચરાવવા ગયા હતા અને ચેકડેમની પડઘી ઉપર ચેકડેમ ક્રોસ કરતાં હતા. દરમ્યાન પાણીના પ્રવાહમાં તણાઈ ગયેલ હોય આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
પટેલ નરવતસિંગ ધીરસીંગભાઇ
તરફથી અભીનંદન....
મુ. ભોરવા-૨, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
બારીઆ નરસીંગભાઈ વાલાભાઇ
તરફથી અભીનંદન....
મુ. કાંટુ, તા. ધાનપુર, જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
શાહ ઈશ્વરલાલ પુનમચંદ
તરફથી અભીનંદન....
મુ. નવાનગર, તા. ધાનપુર, જી. દાહોદ